Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 24 - Issue : 04

January, 2020



(અનુષ્ટુપ)

પ્રભુનું નામ લેવાનું સદાકાળ ચહ્યા કરો,
સાથ એનો રખે ચૂકો એટલી તો કૃપા કરો.

---

જેમ જેમ હૃદે પ્રેમ પ્રભુ ઉપર જામતાં,
વૃત્તિઓનું થતું રે'શે આપમેળે રૂપાંતર.

---

પ્રભુનો પ્રેમ લેવાને જન્મેલાં આપણે છીએ,
તે વિના કો બીજો હેતુ છે ના જીવનનો ખરે.

- શ્રીમોટા

'જીવન પગલે', બી. આ., પૃ. ૩૧,૮૭,૧૦૧



- પ્રાર્થના એ પ્રભુ પાસે પહોંચવાનો પુલ છે.
- દરરોજ ભજન ન થાય તો વર્ષનો એક મહિનો તો એવો રાખો કે જેથી, આખું વર્ષ ચાલે એટલું ભજન પુણ્ય ભંડોળ સંગ્રહી શકાય. તેથી, તમારું આખું વર્ષ નિર્વિઘ્ને સુખશાંતિપૂર્વક પસાર થશે.
- સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે, એના વિના બીજું બધું અવધૂતને મન ઝાંઝવાનાં નીરથીયે ફીકું છે.

- શ્રીરંગ અવધૂત

*'રંગ અડતાળીસા', પ્ર. આ., પૃ. ૨ માંથી સાભાર*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૪ અંક : ૪ જાન્યુઆરી, ૨૦૨૦

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામામાં ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
મો. ૯૪૦૮૭૦૭૯૫૩
ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. '... તો હું તો કાળો સાલ્લો પહેરું' ............... શ્રીમોટા ૪
૨. ત્રિવિધ અહંકાર ............................ શ્રીઅરવિંદ ૭
૩. વાણીનું વિજ્ઞાન ......................... દાદા ભગવાન ૯
૪. સ્તવનનું સામર્થ્ય ......................... શ્રી કેદારનાથ ૧૧
૫. રસ વિના મનની સ્થિરતા નથી ................. શ્રીમોટા ૧૪
૬. મૃત્યુનું સ્વાગત (૨) ............................. ઉષા ૧૫
૭. એકાંત અને મૌન ......................... થોમસ કેમ્પિસ ૧૮
૮. જીવાત્મા અને પરમાત્મા ............. ડૉ. આનંદશંકર ધ્રુવ ૨૦
૯. શબ્દ બ્રહ્મ ..................................... શ્રીમોટા ૨૨
૧૦. મકરસંક્રાંતિ ...................... શ્રી પાંડુરંગ આઠવલે ૨૩

## જ્ઞાનદાન - સહયોગ

પૂજ્યશ્રી મોટાના સ્વજન શ્રી રામભાઈ પી. પટેલ, ગામ પલાણા, હાલ અમેરિકા દ્વારા તેઓશ્રીનાં દીકરી ચેતનાના જીવનસાથી શ્રી કિરણકુમારના ૬૦મા જન્મદિન નિમિત્તે, તેમ જ ભાણેજ શ્રી એલન કિરણકુમાર પટેલ વકીલાતની પરીક્ષામાં ઉત્તિર્ણ થયા બાદ સારી કંપનીમાં સર્વિસ મળ્યા નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. આ સત્કાર્ય બદલ એ સમગ્ર પરિવારનો અમો ભાવપૂર્વક ઘણો ઘણો આભાર વ્યક્ત કરીએ છીએ.

—સંપાદક

## (૧) '... તો હું તો કાળો સાલ્લો પહેરું' શ્રીમોટા

આ પરદેશમાં જુઓ તો એટલાં કરોડોનાં ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન ને ફલાણાં ફાઉન્ડેશન. એક એક દેશમાં આટલાં બધાં ફાઉન્ડેશન અને તેની મદદ આપણા દેશમાં આવે, પણ આપણા દેશના લોકોને કોઈને સૂઝતું નથી. પૈસાદારો આપણે ત્યાં નથી એમ નથી. (તો કહેશે) કે અમેય ટ્રસ્ટો કર્યાં છે. પણ એ તો કુટુંબના (ટ્રસ્ટો) ભાઈ હોં. એ તો ઈન્કમટૅક્સ બચાવવાના છે. હારી વાત છે.

પણ આ કાળ વિજ્ઞાનનો છે સાહેબ. હું તમને સાચી વાત કરું છું. (તો કહે) કે મોટા- આ તમે ભગવાનમાં વિજ્ઞાન ! (પણ હું કહું છું કે વિજ્ઞાનમાં) પણ જરૂર એ ભગવાન છે. હું આજે તમને સાચી વાત કહું છું, કે કુદરત પોતાની બક્ષિસ આપવામાં આજે મોકળા હાથે તૈયાર છે, આમ ખુલ્લા હાથ કરેલા છે. આ કુદરત ! કુદરત પોતાનાં રહસ્યો ખોલવાને માટે તત્પરતાવાળી છે. આપણી પાસે સ્વીકારાત્મક ભૂમિકા નથી. આપણી ભૂમિકા જાગેલી નથી. કુદરત આજે એનું રહસ્ય ખોલવાને માટે તૈયાર છે. આ વિજ્ઞાનની કેટકેટલી શોધખોળો વિશ્વવિગ્રહ પછી થઈ તેનો વિચાર કરો. આ કુદરતનું રહસ્ય વિજ્ઞાનીઓ પામતા જાય છે.

તે એકલા વિજ્ઞાનને માટે નહિ પણ આ ભગવાન તો કહે છે કે ભાઈ હું ખુલ્લો થવાને, તમારી પાસે આવવાને તૈયાર છું. તમે મને બાથમાં લઈ લો, પણ આપણે ક્યાં કંઈ હાથ પહોળા કર્યા છે ? આપણે તો ધન-દોલત, માલ-મિલકત, પ્રતિષ્ઠા-આબરૂ, કુટુંબ-પરિવાર, જમીન-જાગીર, ઘરબાર એમાં જ એને બાથ ભીડેલી છે.

પછી કેવી રીતે એ થઈ શકે ? કુદરત શું કરે ? કુદરતનો આજે એવો કાળ છે. કુદરત ખુલ્લી થઈ છે. હું ગપ્પાં નથી મારતો. સાચી વાત કરું છું કે આ વિજ્ઞાનનાં રહસ્યો ખુલ્લાં થાય છે. આ કાળ એવો છે. એટલે આપણા દેશમાં પણ આ વિજ્ઞાન ખૂલે, એનાં સંશોધનો થાય એ માટે મારે તો વીસપચીસ લાખ રૂપિયા સુધી મળે તોય (ફાઉન્ડેશન) કરું, પણ મને ક્યાંથી મળે ? એટલા માટે હું આ (લૂંટવાની) ટોળકીની વાત કરું છું. પણ લૂંટવાની ટોળકીવાળાય ક્યાં તૈયાર થાય છે ?

ઘણા મુદ્દા મને એવા લાગે છે કે મારે કરવા જેવા છે, પણ મારા ભગવાનને પગે લાગીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહું છું કે 'હે પ્રભુ, તેં મને આ તારું સાધન બનાવ્યું ખરું.' પણ હું કમજોર છું. માફ કરજે મને (એકદમ ગળગળા સાદે) કે હું તારું બધું ચલાવીને કરી શકતો નથી. માણસ છું.' (હવે જરા ટટ્ટાર અવાજે) એટલે જેટલું થાય છે એટલું લઉં છું. વિજ્ઞાનનું સંશોધન થાય એટલા માટે આઠ લાખ રૂપિયા મારે આપવા. શ્રી વિક્રમભાઈ સારાભાઈને મેં કાગળ લખેલ છે. આ નંદુભાઈ જાણે છે અને ઈંદ્રવદન શૅરદલાલની મારફતે એ કાગળ મેં તેમને

મોકલેલ-ટપાલમાં નહિ, કારણ કે મારે તમને બધાંને આ વાત કહેવી હતી (નહિતર તો એમ લાગે) કે મોટા તો ગપ્પાં ઠોકે છે. ઘણાંને એવું લાગેલું છે એટલે આ વાત ખુલ્લી કરું છું કે આ ગપ્પાં નથી.

પણ વિજ્ઞાનનાં રહસ્યો ખોળાય તે એક બાબતમાં નહિ, ફીઝિક્સ, કૅમિસ્ટ્રી, બાયોલૉજી, બૉટેની, મૅથેમૅટિક્સ. એવા દસ બાર વિષયો લીધા છે. એમાં મૌલિક સંશોધનો થાય. આપણે એવા લોકોને પોરો ચઢાવવો જોઈએ અને એ માટે લાખ લાખ રૂપિયા આપીએ.

આ દેશને માટે મને ગૌરવ છે. આ દેશને સ્વતંત્રતા મળી, પણ આપણામાં દેશને માટે ભક્તિ જાગી નથી. દેશને માટે આપણે કંઈક કરી છૂટવું જોઈએ. એવી ભક્તિ જાગી નથી. બધાં સ્વાર્થમાં રચ્યાંપચ્યાં રહેલાં છે. (પણ આમ રહીશું તો) માર્યા જઈશું. કાળ વિપરીત છે સાહેબ ! એ આપણને ઉઘાડી આંખે બતાવે છે. આ હિંદુસ્તાન દેશમાં પણ છતે દિવસે ખાનાખરાબી થઈ છે. કલકત્તાથી આવેલા કોઈકે મને કાલે વાત કરી. કોણે કરી એ મને યાદ નથી આવતું. એણે કહ્યું કે એની જોડે રહેનારાઓને કહ્યું કે આટલા રૂપિયા આપો. તે એટલા બધા રૂપિયા મારાથી અપાય તેમ નથી. એટલે બીજે દિવસે એના ઘરમાંથી બૈરાં ગયાં તેને મારી નાખ્યાં. છરો ઘોંચીને. બધાંની આવી સ્થિતિ છે સાહેબ ! તો એમ ન જાણશો કે આ કલકત્તામાં એકલામાં બને છે. ... ગુજરાતમાં લોકો શાણા છે એમ કહેવાય છે એને લીધે આપણને કંઈ લાગતું નથી. પણ એમ ના જાણશો કે એ પ્રવાહ નહિ આવે. એને અટકાવવો હોય તો એક જ માર્ગ છે. વધારેમાં વધારે પરમાર્થ કરો. ભલે મને ના આપો, પણ એવી રીતે પૈસા ખર્ચો. આજે વહેવારની રીતે તમે દાન કરો એ ખોટી વાત છે. એનાથી બિલકુલ લાભ નહિ થાય. જેવું તમારું સંસારનું-કુટુંબનું કામ કરો છો એ જ પ્રમાણે એ કર્મ છે. વહેવારની રીતે દાન આપો છો એ દાન પણ નથી. આ સમાજ બેઠો થાય એવું કોઈ મૌલિક કામ હોય એને પૈસા આપો અને સ્વાર્થ તો ઓછો કરો. તમે (ધારો કે) મહિને દસ હજાર કમાવ છો. એમાંના પાંચ છ હજાર-સાત હજાર રૂપિયા તો કુટુંબને ખર્ચ માટે જોઈએ જ મોટા ! તો હું કહું છું કે એ ઓછું કરો. પણ પરમાર્થ કરો, કરો ને કરો.

કેટલાંકનાં દિલ સાંકડાં થાય છે. કહે કે અમારી પરિસ્થિતિ એવી છે. તો મેં કહ્યું કે માળા હાળા ખાવ છો શું કરવા ? આ ખાવામાં તો કંઈ કમીના નથી આવતી અને આ ચૂરમા ને ઘી ને કંસાર ને ફલાણાં ને ફલાણાં ઠોક્યા કરો છો તે ! આ પરમાર્થમાં જીવ ક્યાં તમે ટૂંકો કરો છો. પણ આપણે સ્વાર્થવાળાં-બહુ સ્વાર્થવાળાં છીએ અને ધર્મનું તો ખોટું નામ લઈએ છીએ. ધર્મમાં તો ત્યાગ અને પરમાર્થ બે મોખરે હોય સ્વાર્થ નહિ. સ્વાર્થ મોખરે નહિ સાહેબ, ત્યાગ અને પરમાર્થ એ બે મોખરે હોય ત્યારે સમજી લેજો કે આપણે ધર્મ પાળીએ છીએ. હું તો આધ્યાત્મિક માર્ગે જનારાને પણ એવું કરતા આજે જોતો નથી. તમને ક્રોધ આવે તો જણાય છે કે નહિ ? તમને દયા

થાય છે તે જણાય છે કે નહિ ? ત્યારે માળો હાળો આ એક જ એવો કે જણાય નહિ ? અને પછી આધ્યાત્મિક માર્ગની વાત કરીએ- તે નહિ મનાય સાહેબ ! હું તો નહિ માનું !

આ ફોર્ડ ફાઉન્ડેશનની જેમ મારે ફાઉન્ડેશન કરવા છે. તો એ તો કરોડો રૂપિયાના. આ તો એવા એક ફાઉન્ડેશનનું નામ દીધું, પણ એવાં તો ઘણાં બધાં છે અને સ્વીઝર્લેન્ડમાં પણ ઘણાં છે. અરે સાહેબ, તમે જુઓ અહીંયાં આપણા દેશમાં એ મદદ કરે છે. અમારા જુગતરામ કાકાને આ વેડછી (તા. વાલોડ, જિ.સુરત) બાજુ પણ સ્વીઝર્લેન્ડની મદદ મળી છે. આ અમારે સમોડામાં (જિ. મહેસાણા) પણ મળી છે. મને તો શરમ આવે છે. સાહેબ, સાચું કહું છું. આ તો તમને બધાંને ખરાબ લાગે, પણ **હું તો કાળો સાલ્લો પહેરું સાહેબ.** એટલી બધી મને શરમ લાગે છે કે પરદેશો-પરદેશના લોકો આવીને મદદ કરે. આપણે ત્યાં ઘણું બધું હોવા છતાં એ આપણે માટે શરમની હકીકત છે. એને ગૌરવની હકીકત હું નથી કહેતો. આપણે ત્યાં ભરપૂર પડ્યું હોય અને આપણે બીજાની મદદ લઈએ એ બિલકુલ છાજે નહિ. આ સંસ્કૃતિને પણ છાજતું નથી સાહેબ, પણ એવું મારે ફાઉન્ડેશન કરવું છે. વીસ પચીસ લાખ જોઈએ, પણ ત્યાં સુધી આ શરીર જીવે કે ના જીવે, પણ જે સારો સંકલ્પ થયો તેને પૂરો કરવો. કોઈ કોઈ એકાદ વ્યક્તિ, કરોડોમાંથી એક કહું તો ચાલે, બિંદુ-સમુદ્રનું બિંદુ એમ મને મદદ કરે છે ખરા સાહેબ. દિલથી મદદ કરે છે. એવા મને ભગવાને ભેટાવી આપ્યા છે. એટલો બધો મને ત્યારે આનંદ થાય છે કે નહિ, ભગવાન માથે છે, એનો હાથ છે કે પૂરું થશે.

એ વિશ્વાસે હું કામ કરી રહ્યો છું. પણ તમારાં દિલ ટૂંકાં ના કરશો. ...મારે મોટા એવા માણસો નથી સાહેબ, બાકી હું જોઉં છું કે એવા સાધુ-સંન્યાસીઓ જેને કામ સોંપે તે પૂરેપૂરું પાર ઉતારે છે, પણ હું તો સાધુ-સંન્યાસી તમારા બધાંનો એક છું. તમારા કુટુંબનું તો છોકરું છું, પણ આ કાળમાં તમે દિલ આપજો. હવે વધારે વખત તમને મહેનત નહિ કરાવું. આ જીવ બહુ લાંબો વખત જીવે એમ લાગતું નથી તો આ છેલ્લા વખતમાં મને લહાવો લેવા દો. તમારી બધાંની મદદનો. તે દિલ મૂકીને આમાં મૂકજો અને હાર પહેરાવવા આવશો નહિ. આમાં મૂકજો અને હું છોકરું છું નાનું, સાહેબ તે કોઈક વખત બોલી જાઉં તો મને માફ કરજો.

'શ્રીમોટા વાણી', (નં.૧૨) પ્ર.આ., પૃ. ૩૮ ❑

**ગયેલા આત્માને...**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હરિઃૐ આશ્રમ, નડિયાદના મૅનેજિંગ ટ્રસ્ટી સદ્‌ગત શ્રી સી.ડી.શાહ સાહેબના પુત્ર શ્રી પ્રફુલ્લભાઈનો તા. ૧૮-૧૧-૨૦૧૯ના રોજ દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું યશ-કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**-સંપાદક**

**તામસિક અહંકાર**

તમસ અને તામસિક અહંકાર એકબીજામાં સમાયેલાં છે. વ્યક્તિ જ્યારે તમસને આધીન થાય છે ત્યારે તે તામસિક અહંકારને તુષ્ટ કરે છે.

તામસિક અહંકાર એ છે, જે ઉદાસી, નબળાઈ, જડતા, પોતાની જાતને હલકું પાડવું, કાર્ય કરવાની અનિચ્છા, જાણવાની અનિચ્છા, ખુલ્લા થવાનો ઈન્કાર, થાક, આળસ, અભાવો વગેરે વસ્તુઓનો સ્વીકાર કરે છે અને એ વસ્તુઓને ટકાવી રાખે છે.

નબળાઈ તથા પ્રકૃતિમાં એશઆરામ ભરી દઈ તૃષ્ણા વડે તમસ માણસને જકડી રાખે છે. તમસ એટલે હંમેશાં આળસ, ઉત્સાહભંગ, મનમાં ગૂંચવાડો, ભય, નિરાશા, ઉદાસી અને નિરુત્સાહિતા.

તામસિક અહંકાર હંમેશાં એમ અનુભવે છે કે 'હું નબળો છું, હું દુઃખી છું, મારામાં કોઈ ક્ષમતા નથી, ઈશ્વર મને પ્રેમ કરતા નથી, કે તેઓએ મારી પસંદગી કરી નથી, હું એટલો તો ખરાબ અને અક્ષમ છું કે ભગવાન મારે માટે શું કરી શકવાના છે ? અથવા તો પછી 'મારે નસીબે ખાસ કમનસીબી અને દુઃખો જ લખાયેલાં છે, મારા સિવાય બધાંને ભગવાન મદદ કરે છે, બધાં પ્રગતિ કરી રહ્યાં છે, મને જ એકલો છોડી દેવામાં આવ્યો છે. મારે માટે સંઘર્ષ, ભારે સંકટ કે મૃત્યુ જ નિર્માયેલાં છે વગેરે વગેરે' અથવા આવું કંઈક, કે પછી આ બધી વસ્તુઓનું મિશ્રણ. અમુક સમયે રાજસિક અને તામસિક અહંકાર ભેગાં મળીને ગૂઢ રીતે એકબીજાને ટેકો આપતા હોય છે. બન્ને કિસ્સામાં એ 'હું' જ પોતાના વિશે શોરબકોર મચાવતો હોય છે અને સત્ય દર્શનને ધૂંધળું બનાવી દેતો હોય છે. સાચું આધ્યાત્મિક તેમ જ ચૈતસિક દર્શન આ મુજબનું હોય છે. 'હું ગમે તેવો હોઉં, મારો આત્મા એ ભગવાનનો બાળ છે અને એ આજે કે કાલે ભગવાન પાસે પહોંચશે જ. હું અપૂર્ણ છું, પરંતુ મારી અંદર ઈશ્વરીય પૂર્ણતા માટે હું અભીપ્સા સેવું છું અને એ પૂર્ણતા 'હું' નહિ, પણ ઈશ્વર જ મને પ્રાપ્ત કરાવી આપશે. હું આ વલણ અપનાવીશ તો ઈશ્વર કૃપા જાતે જ મારે માટે બધું કરી દેશે.' આ 'હું' એ અહીં ઈશ્વરના એક નાના શા અંશ તરીકે, ઈશ્વરના સાધન તરીકે પોતાનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી લેવાનું છે. ઈશ્વર સિવાય પોતે કંઈ જ નથી,પરંતુ ઈશ્વરની કૃપા વડે એ સર્વ કાંઈ છે-ઈશ્વર એને જે બનાવવા ઈચ્છતા હોય તે - છે, એ પ્રમાણેનું સ્થાન એણે લેવાનું છે.

**રાજસિક અહંકાર**

રજસ હંમેશાં ઈચ્છા તેમ જ પ્રકૃતિમાં કર્મ તથા કર્મમાં વ્યસ્ત રહેવાની લાલસા વડે માણસને બાંધી રાખે છે. રજસ હંમેશાં કર્મ તેમ જ કર્મનાં ફળ પાછળ લાગેલું રહે છે.

રાજસિક માણસ, પ્રાણમય, ક્રિયાશીલ, જોશીલો પોતાના ક્ષેત્રમાં તેમ જ આજુબાજુના વાતાવરણમાં પોતાની જાતને લાદવાનો પ્રયત્ન કરતો હોય છે, પણ એમ કરીને એ પોતે પોતાની અશાંત કામનાઓ, અહંકાર, આવેગોનો

આઘાતજનક બોજો તેમ જ તેની આપખુદ ધૂંસરી તથા પોતાની ક્ષુબ્ધ સ્વસંકલ્પની, રાજસિક પ્રકૃતિની ગુલામી જ વહોરી લેતો હોય છે.

રાજસિક અહંકાર-અભિમાન તથા પોતાના વિશેના ઉચ્ચ અભિપ્રાય, વડે સભર હોય છે, અને તે દરેક સ્થળે અથવા જ્યાં તે પોતાનું ધાર્યું કરી શકે એમ હોય ત્યાં પોતાનો કક્કો જીદપૂર્વક ખરો કરે છે.

તમે શું એમ કહેવા માગો છો કે તમારામાં કદી પણ રાજસિક અહંકાર હતો જ નહિ ? એવો કોઈ માણસ નથી જેનામાં આ રાજસિક અહંકાર ન હોય-સિવાય કે એના પ્રાણનું દિવ્યતામાં રૂપાંતર થઈ ગયેલું હોય. તમને જે આગ્રહભર્યાં પ્રાણમય સૂચનો પ્રાપ્ત થતાં હતાં તે રાજસિક અહંકારને પુકારરૂપ ન હતાં તો બીજું શું હતું ?

પ્રાણમાં મુખ્ય ત્રણ અવરોધો હોય છે, જેને પાર કરવાના હોય છે અને એને પાર કરવાનું અતિશય કપરું છે, વિષય વાસના, (જાતીય કામના), ગુસ્સો અને રાજસિક અહંકાર, રાજસિક અહંકાર એ બાકીના બેનો આધારસ્તંભ છે.

**સાત્ત્વિક અહંકાર**

સત્ત્વ, માણસને જ્ઞાન તેમ જ આનંદ દ્વારા બાંધે છે, એ હંમેશાં પોતાની જાતને કોઈ અપૂર્ણ અનુભૂતિ સાથે, પોતાના સદ્‌ગુણના વિચાર સાથે, પોતાના અભિપ્રાયો તથા સિદ્ધાંતોના સાચાપણા સાથે જોડી દે છે અને એની ઉચ્ચોચ્ચ અવસ્થામાં એ, અર્જુનના કિસ્સામાં બન્યું હતું તેમ, ભગવાન જે વસ્તુની આપણી પાસે માગણી કરે છે-આપણા સંકલ્પનું સમર્પણ તેની સામે એ સદ્‌ગુણ, ન્યાય અને પરોપકારવૃત્તિના વ્યક્તિગત વિચારોને મૂકી આપે છે.

સાત્ત્વિક માણસ તર્ક પ્રાપ્ત થતાં પોતાના જ્ઞાનમાં મર્યાદિત અંગત ધોરણો, પ્રકાશિત ઉપયોગિતા અથવા યાંત્રિક સદ્‌ગુણો સ્થૂળ પુણ્યનાં ધોરણો ઊભાં કરવાનો અને અનુસરવાનો પ્રયત્ન કરે છે. તે પોતાનાં ધર્મો અને દર્શનો તથા નીતિનાં સૂત્રો, માનસિક પદ્ધતિઓ અને બંધારણો, વિચારની અને વર્તનની દૃઢ પ્રણાલિકાઓ ઊભી કરવાનો અને અનુસરવાનો પ્રયત્ન કરે છે. એ બધી જીવનની સાર્થકતાની સમગ્રતામાં બંધબેસતી હોતી નથી, અને વધારે વિશાળ એવા વિશ્વ હેતુની ગતિ એ બધાં ધોરણોને સતત તોડ્યા કરી હોય છે. ત્રણ ગુણોના વર્તુળની અંતર સાત્ત્વિક માણસનો ધર્મ સૌથી ઊંચો છે, પરંતુ એ પણ એક મર્યાદિત દૃષ્ટિ અને ઘણું વામણું ધોરણ છે. એનાં અપૂર્ણ સૂચનો ક્ષુદ્ર અને સાપેક્ષ પૂર્ણતા પ્રત્યે દોરી જાય છે. આપણી પ્રકાશિત વ્યક્તિગત અહંતાને તાત્કાલિક સંતોષ આપનાર એ સાત્ત્વિક ધર્મ આપણા સત્‌ના કે પ્રકૃતિના સમગ્ર સત્યના ઉપર પ્રતિષ્ઠિત હોતો નથી.

સાત્ત્વિક અહંકારનો મુખ્ય સિદ્ધાંત જ એમ જણાવે છે 'હું કાલીનો પ્રીતિપાત્ર છું, હું એનો ભક્ત છું, હું એના પર દરેક જાતના દાવાઓ કરી શકું છું, બીજી બાબતો અંગે નિષ્કાળજી રાખવાનું મને પરવડી શકે એમ છે, કાલી મને મદદ કરવા માટે, તેમ જ મારું રક્ષણ કરવાને બંધાયેલી છે.' મને બહુ લાંબા સમયથી એ લાગ્યું છે કે આ સાત્ત્વિક અહંકાર જ આપણા યોગમાં એક મોટું વિઘ્ન છે.

'અર્પણ', ઑક્ટો., ૧૯૯૮, સાભાર. ❑

## (૩) વાણીનું વિજ્ઞાન

**દાદા ભગવાન**

પ્રવર્તમાન કાળમાં કાળજે ઘા વાગે એવી 'વાણી' નીકળે છે. વાણીથી જ અનેક બંધનો છે. એટલે કહેવત છે કે **'જીભ જીતે તે જગ જીતે'** અને જીભ જીતે તે 'જનનેંદ્રિય પણ જીતી શકે, કારણ કે આ બન્ને ઇંદ્રિયોનો સીધો સંબંધ છે. આ બન્ને ઇંદ્રિયો એકની સંખ્યામાં છે. પણ કાર્ય બે પ્રકારનું કરે છે, જ્યારે બીજી ઇંદ્રિયો બેની સંખ્યામાં છે પણ કાર્ય એક જ પ્રકારનું કરે છે. બીજી ઇંદ્રિયોમાં હાડકું છે, જ્યારે જીભમાં હાડકું નથી એટલે અહીં વિશેષ જાગૃત રહેવાની જરૂર છે.

વાણી જડ છે અને રેકર્ડ સ્વરૂપ છે. સંયોગ મળતાં વાણીની રેકર્ડ શરૂ થઈ જાય છે. બહેનોએ દૃઢ નિશ્ચય કર્યો હોય કે ધણી કે સાસુની સામે નથી બોલવું છતાં બોલાઈ જાય છે. આપણી ઇચ્છા ન હોય છતાં રેકર્ડ બોલે તે રીતે બોલાઈ જવાય છે.

જો વાણી આપણી સત્તામાં જ હોય, તો આપણે ધારીયે તેવી જ વાણી નીકળે. બોલવાની બાબતમાં આપણી સ્વતંત્ર સત્તા જ નથી. વાણી સ્વભાવગત જડ છે, પણ અમારી વાણી ચેતન-પ્રગટ પરમાત્માને સ્પર્શીને બહાર આવે છે. અમારી વાણી સંપૂર્ણ વીતરાગ હોય-હાસ્યાસ્પદ હોય. વીતરાગ વાણી એટલે કોઈ જીવનું પ્રમાણ ન દુભાય. વાણી ચેતન હોઈ શકે જ નહિ, પણ અમારી વાણી સંપૂર્ણ શુદ્ધ ચેતનને સ્પર્શ કરીને નીકળે છે એટલે ચેતન જેવી છે.

આત્માર્થ સિવાય બીજા કોઈ અર્થે જ્ઞાનીની વાણી ના હોય. તેથી આત્માર્થ હેતુથી નિમિત્ત આધીન નીકળેલ 'માલિકીભાવ' વિનાની વાણીને પારમાર્થ 'મૌન' કહે છે. આવું મૌન પાળે તે સાચા અર્થમાં 'મુનિ' કહેવાય !

જ્યાં મૌન રાખી જ ન શકાય ત્યાં મૌન સેવો. નોકરે પ્યાલો ફોડ્યો ત્યાં મૌન. બાપ જોડે ઝઘડો થાય ત્યાં મૌન પકડો તો તપ થાય. આ સંસારની જંજાળ જ શબ્દમાંથી ઊભી થયેલી છે. **મૌનથી ખૂબ શક્તિ વધે છે અને બીજા સાથે સંઘર્ષ થતો અટકી જાય છે.** મૌન પાળે એટલે બોલે નહિ પણ લખે, તે પણ વાણી છે. ઈશારો કરવો એ પણ વાણી છે. મહીંની ચંચળતા બંધ થવી જોઈએ.

**હિત, મિત અને પ્રિય**-આ ત્રણના ગુણાકારવાળી વાણી તે સત્ય છે અને બીજી બધી અસત્ય છે. વહેવાર વાણીમાં આ નિયમ લાગુ પડે છે. જૂઠું બોલે, પ્રપંચ કરે એ બધો વાણીનો અપવ્યય કહેવાય. એથી વચનબળ તૂટી જાય. એકલું સત્ય બોલે, પણ સત્યનો આગ્રહ ન પકડી રાખે, તો વચનબળ ઉત્પન્ન થાય.

આ દુનિયામાં બેધ્યાન વાણી સહસ્ત્ર ક્લેશની સર્જક છે અપશબ્દથી કર્મબંધ નંખાય. કેટલાક શબ્દોથી ફાંસી જેવું દુઃખ થાય, માટે શબ્દ વિચારીને બોલવા કબીર કહે છે :-

**'શબ્દ જો ઐસા બોલિયે, તનકા, આપા ખોય,**
**ઔરનકો શીતલ કરે, આપનકો સુખ હોય.'**

એવી વાણી બોલો કે બોલતી વખતે અહંપણાને ભૂલીને પ્રેમદૃષ્ટિથી જ બોલો કે જેથી બોલનારને સુખ થાય અને સાંભળનારને પણ શાંતિ થાય.

**તથ્ય, પથ્ય અને પ્રિયકર** શબ્દો બોલવા ઘટે. ખરી વાત હોય તે જ બોલો અને તે વાતથી કોઈને ફાયદો થાય તેમ હોય તો જ બોલો અને તે પણ કઠોર નહિ પણ પ્રિય શબ્દોમાં જ બોલો. કઠોર વચનને તિલાંજલિ આપો.

કડવું જોઈતું હોય તો કડવું બોલીને ક્ષમા આપો. જો કંઈ બદલો લેવા ગયા તો ખેંચાયા. કશું જ સ્પંદન નહિ કરવાનું. બસ 'જોયા' જ કરવાનું. બધાં 'મશીન' પરાધીન છે. મશ્કરીય ન કરાય. ફળને પણ વાયડું ના કહેવાય. **શબ્દના ઘા રુઝાતા નથી.** આત્માની હાજરીમાં ભાવ-અભાવના સ્પંદન થાય છે. 'ટાઈપ' થઈ જાય. વાતચીત કરવાનો વાંધો નથી, પણ એને જક્કીપણે પકડવું નહિ. પકડે એટલે બોજો વધે.

વાણી માત્ર ખુલ્લો અહંકાર છે. 'હું કેવું બોલ્યો ?' એ વાણીનો પરિગ્રહ છે.વીતરાગ વાણી આત્મરંજન કરાવે તેને વાદી-પ્રતિવાદી બન્ને કબૂલે. એને સમાધિ ભાષા કહેવી હોય તો કહો.

જ્યારે મોઢા ઉપર ભાવાભાવ ન દેખાય ત્યારે વાણીનું માલિકીપણું છૂટી ગયું. વાણી એ પુદ્ગલની અવસ્થા છે, એનો ગુણધર્મ નથી. જ્યારે અહંકાર શૂન્ય થાય ત્યારે સ્યાદ્વાદ વાણીની ભૂમિકા દેખાય. વહેવાર શુદ્ધિ થાય ત્યારે સ્યાદ્વાદ વાણી નીકળે.

સ્યાદ્વાદ કોને કહેવાય કે વાણીથી શરીરમાં મન સામું ના થાય. બુદ્ધિ, ચિત્ત, અહંકાર કોઈ સામું ના થાય. સ્યાદ્વાદ શું કહે છે કે પોતાનું જે કંઈ પદ હોય તે ભૂલીને સામાની વાત સાંભળજે, અને એવું બોલો કે પાંચ જણને લાભ થાય અને કોઈનેય ડખો ન થાય.

વચનબળ કોને કહેવાય કે જેમને જગત સંબંધી કોઈ સ્પૃહા ના હોય. એમની વાણી વચનબળવાળી હોય. શીલવાન વગર વચનબળ ઉત્પન્ન ના થાય. એક પણ શબ્દ સ્વાર્થ માટે ના વાપર્યા હોય, વાણીનો દુરુપયોગ કર્યો ના હોય, પોતાનું માન વધે એટલા માટે વાણી ના બોલ્યા હોય ત્યારે વચનબળ સિદ્ધ થાય. પોતાની 'સેફસાઈડ' (સલામતી) માટે જૂઠું બોલો તો વચનબળ ક્યાંથી રહે ?

જ્યાં પક્ષપાત છે ત્યાં હિંસક વાણી છે. જ્યાં નિષ્પક્ષપાતી વાણી છે ત્યાં અહિંસક વાણી છે. વીતરાગની વાણી સિવાય બંધનમાંથી છોડવનાર કોઈ માર્ગ જ નથી.

માણસના હાથમાં 'ભાવસત્તા' છે અને એ એનો રીલેટીવ પુરુષાર્થ છે એટલે છે. એટલે એવા ભાવ ભજવા જોઈએ કે ક્યારે પણ કઠોર ભાષા, તંતીલી ભાષા, આક્રમક ભાષા ના બોલાય.

સૌને સુખદાયી થાય, પ્રિયકર થાય, ઉપકારક થાય એવી વાણી બોલવાના 'ભાવ' ભજવવાથી અંદરથી વાણી ફરે અને વાણી સુધરવાની અંદર શરૂઆત થાય. કોઈની અથડામણમાં આવવું નથી, કોઈના દોષ જોવા નથી, કોઈ જીવનું કિંચિત્ માત્ર પણ પ્રમાણ ન દુભાય, બન્યું એ જ ન્યાય, જગત કલ્યાણમાં નિમિત્ત બનવાના ભાવ, જીવમાત્રનું કલ્યાણ કઈ રીતે થાય એવા ભાવ થકી વાણી મધુર અને કલ્યાણકારી બની શકે.

'અ-જ્ઞાનથી કેવળજ્ઞાન ભણી', પ્ર.આ., પૃ. ૧૬૩ ❑

**જાણ અર્થે**

**પૂજ્ય શ્રીમોટાના નડિયાદના (હાલ અમેરિકા) સ્વજન શ્રી હર્ષદભાઈ શાહના 'મૌનમંદિરમાં હું'ના આઠ એપીસોડ યુ ટ્યૂબ ઉપર મુકાતા હોઈ Nadiad Harshad Shah ઉપર ઉપલબ્ધ હોવાનું તેઓશ્રી દ્વારા જણાવાયેલ છે. -સં.**

## (૪) સ્તવનનું સામર્થ્ય

**શ્રી કેદારનાથ**

આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી, કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને તેનામાં દઢતા અને નિગ્રહ શક્તિ હોય તો તે માર્ગે જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. ઉન્નતિના માર્ગમાં આપણને પોતાના જ અયોગ્ય સંસ્કારો અને ટેવોને બદલવાની જ પહેલી મુશ્કેલી આવે છે. એ સંસ્કારો અને ટેવો બદલ્યા વગર આપણે આગળ વધી ન શકીએ. આપણે ઇંદ્રિયોને પાડેલી ટેવો અને મન પર પડેલા સંસ્કારોથી આપણે બદ્ધ છીએ. તેમનો કાબૂ આપણા પર રહે છે. શ્રેયાર્થી માણસે પોતાની અયોગ્ય ટેવો અને સંસ્કારોમાંથી પોતાનો છુટકારો કરી લેવો જોઈએ. તે સામર્થ્ય ધ્યેય વિશેની આપણી તાલાવેલી અને નિગ્રહવૃત્તિમાંથી પ્રાપ્ત થાય છે. આ પ્રયત્નમાં આપણી જૂની અને નવી મનોવૃત્તિઓનો કેટલોક વખત ઝઘડો ચાલ્યા કરે છે. આપણી પહેલી મનોવૃત્તિઓ લાંબા વખતથી ચાલતા આવેલા તેના તે સંસ્કારો, ટેવો અને કૃતિઓને લીધે આપણો સ્વભાવ બની ગયેલો હોય છે. નવી મનોવૃત્તિઓ વડે અને ખાસ કરીને પોતાના નિગ્રહથી આપણે તેમનો નાશ કરવાનો હોય છે. પહેલાંની અયોગ્ય વૃત્તિઓમાં ટેવને લીધે બળ આવેલું હોય છે, જ્યારે નવી શુભ વૃત્તિઓમાં નિશ્ચયનું બળ હોય છે, પવિત્ર સંકલ્પની અને તેને લીધે નિર્માણ થયેલા આત્મવિશ્વાસની મદદ હોય છે. આવી જાતની પરસ્પર વિરોધી વૃત્તિઓની મદદ હોય છે. આવી જાતની પરસ્પર વિરોધી વૃત્તિઓની આપણા ચિત્તમાં ચાલતી ખેંચતાણ આપણે સહન કરવી પડે છે. આપણો નિશ્ચય, આપણો સંકલ્પ દઢ હોય, પૂરતી નિગ્રહશક્તિ આપણામાં હોય, તો આપણી શુભ વૃત્તિઓનો છેવટે વિજય થાય છે અને આપણે પોતાના માર્ગમાં આગળ વધીએ છીએ. આપણા ચિત્તમાં ઉન્નતિ માટે તાલાવેલી હોય તો આપણે અનેક વખત આવી જાતના પોતાના જ ચિત્તના ઝઘડાઓ સહન કરાવ પડશે, પરંતુ તેથી ન કંટાળતા તેમ જ નિરાશ ન થતાં આપણે પોતાની ઉન્નતિને રસ્તે આગળ ને આગળ ચાલ્યા કરવું જોઈએ.

અંતરની ઉત્કટ ઇચ્છા-સંકલ્પ આપણને આ માર્ગમાં હંમેશ સહાય કરતો રહેશે. એ ઇચ્છા અને એ સંકલ્પને આપણે કદી મંદ થવાં દેવાં ન જોઈએ. વાચન, મનન, સજ્જનોનો સંગ, ઉચિત અને ધર્મ્ય વ્યવસાય વગેરેની મદદથી આપણે આપણા સંકલ્પને સદૈવ જાગૃત અને દઢ રાખવો જોઈએ. તે સંકલ્પને બળે આપણા માર્ગમાં આપણે સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે. તે સંકલ્પમાં બળ આવે તે માટે ઈશ્વરનિષ્ઠાની આપણે જરૂર છે. એ નિષ્ઠામાં અપાર સામર્થ્ય છે. સાધન વગર નિષ્ઠા વધતી નથી. નિષ્ઠા વગર સંકલ્પમાં બળ આવતું નથી. તેથી આપણે કોઈ સાધનનું આલંબન લેવું પડે છે.

તે સાધન એવું હોવું જોઈએ કે જેથી આપણી નિષ્ઠા દૃઢ થાય, આપણો સંકલ્પ એકવિધ થાય, તે શુદ્ધ અને દૃઢ થાય અને તેમાં તીવ્રતા ને તેજસ્વિતા આવે. એટલું હોવા ઉપરાંત તે સાધન સ્વાધીન હોવું જોઈએ. તેમાં કોઈ પણ પ્રકારના કર્મકાંડનો આડંબર ન હોવો જોઈએ. તે સાધનમાં એવો પ્રભાવ હોવો જોઈએ કે તેથી આપણા હૃદયમાં ભાવભક્તિનાં પૂર વહેવા લાગે, ચિત્ત નિર્મળ થવા લાગે, તેમાં ઈશ્વરનિષ્ઠા સહેજે વૃદ્ધિગત થાય અને તે વધતાં વધતાં આપણા શરીરના અણુઅણુમાં વ્યાપી રહે. આવી રીતે આપણે મૂર્તિમંત નિષ્ઠારૂપ બની જઈએ. આ વસ્તુ જો આપણે સાધી શકીએ તો આપણી ઉન્નતિ થતાં ઝાઝી વાર નહિ લાગે. કારણ કે, તેને લીધે ચિત્તમાં નિર્માણ થનારા દૃઢ અને તીવ્ર શુભ સંકલ્પથી આપણા અયોગ્ય સંસ્કારોનું બળ ઝપાટાથી ક્ષીણ થતું જશે અને થોડા જ વખતમાં તે બધા સંસ્કારો નાશ પામશે અને આપણી ઉન્નતિનો માર્ગ સુલભ અને સરળ થશે.

આને માટે **સૌથી પ્રભાવશાળી અને સ્વાધીન સાધન ઈશ્વરસ્તવન છે.** જે આપણને રુચે અને જેને પરિણામે આપણામાં સદ્‌ભાવો જાગૃત થાય અને આપણા શરીરમાં હળવે હળવે સંચરવા લાગે એવા પ્રકારનું સ્તવન આપણે સાધન તરીકે પસંદ કરવું જોઈએ. એ સ્તવન કે સ્તોત્ર આપણે રોજ સ્નાન વગેરે કરીને પવિત્ર થઈને એકાંતમાં શાંત અને પ્રસન્ન સમયે, અંતર્મુખ થઈને, શાંતિથી અને સ્થિરપણે તેના પ્રત્યેક શબ્દનું, તેના ભાવનું આપણા ચિત્ત પર ઊંડું પરિણામ થાય એવી રીતે અને કેવળ પોતાને જ જાણ થાય એવી પદ્ધતિથી નિયમિત પણે બોલવાનું રાખવું. તે બોલતા હોઈએ તે વખતે તેના દરેક શબ્દથી આપણા ચિત્ત પર શુભ, પવિત્ર ને ગંભીર લહેરો ઊઠવી જોઈએ. પ્રેમ જાગૃત થવો જોઈએ. હૃદય સાત્ત્વિક ભાવોથી ભરાઈ જવું જોઈએ. તે ભાવો હૃદયમાં ઊંડે સુધી જઈ પહોંચવા જોઈએ. કોમળતા કે દૃઢતા, પ્રસન્નતા ને તેજસ્વિતા હૃદયમાં વ્યાપી જવી જોઈએ. સ્તવન કરતાં કરતાં આપણી નિષ્ઠા વધી જવી જોઈએ. કોઈ પણ પ્રસંગે, કોઈ પણ કારણથી તે પડી ન ભાંગે કે ચલિત ન થાય એવી દૃઢ અને અભંગ બની જવી જોઈએ. અને આ બધું પરિણામ આપણે સ્તવન કરતાં હોઈએ તે વખતે થાય છે એવો અનુભવ આપણને થવો જોઈએ. સ્તવનની શરૂઆતની આપણા ચિત્તની સ્થિતિ સ્તવનને અંતે ઉપર જણાવ્યા પ્રમાણે બદલાઈ ગઈ છે એવો અનુભવ આપણને થવો જોઈએ. આવી જાતનું સામર્થ્ય સ્તવની પદ્ધતિમાંથી આપણને નિર્માણ કરતાં આવડવું જોઈએ. સ્તવનમાં જે ઈશ્વરી ગુણોનું આપણે વર્ણન કરીએ, જે પ્રશંસા આપણે કરીએ, જે ગુણોનાં સ્તોત્ર આપણે ગાઈએ તે ગુણો, તે ભાવો, સ્તવન કરતાં કરતાં આપણામાં સંચરવા લાગવા જોઈએ. આપણાં પ્રેમ, ભક્તિ, ભાવના ને નિષ્ઠાથી આપણે ઈશ્વરવિષયક કલ્પના સાથે, ગુણો સાથે તન્મય થઈએ, સમરસ થઈએ, તો તે જ ગુણો આપણામાં પ્રગટ થયા વગર રહેશે નહિ. આવી સ્થિતિમાં દુર્બળતા ને દીનતા, દુષ્ટતા

ને હીનતા, જડતા ને કૃપણતા, અશુદ્ધતા ને લંપટતા, કુટેવો અને કુસંસ્કારોને આપણા હૃદયમાં જગા રહેશે નહિ. એ બધાંનો સમૂળગો નાશ થશે.

સ્તવનમાં આવી મહાન શક્તિ છે, પણ તે પ્રાપ્ત કરવી એનો આધાર આપણી અંતરની તીવ્ર ઇચ્છા પર હોય છે. આપણી તીવ્ર ઇચ્છા સ્તવનમાં શક્તિ લાવશે. સ્તવનથી નિષ્ઠામાં બળ આવશે. નિષ્ઠા સંકલ્પને દૃઢ અને પ્રભાવી બનાવશે. આપણી તીવ્ર ઇચ્છા એ જ આપણો સંકલ્પ. એ સંકલ્પ, સ્તવન અને નિષ્ઠા બધાં એકબીજાનાં પોષક અને બળ વધારનારાં છે. તેમને એકબીજાથી જુદાં પાડી શકાય નહિ. સંકલ્પનો પ્રભાવ સ્તવન પર, સ્તવનનો નિષ્ઠા પર અને નિષ્ઠાનો ફરી સંકલ્પ પર-આવી રીતે સામર્થ્યવૃદ્ધિનું આ ચક્ર ચાલ્યા કરે છે. બળવાન સંસ્કારોનું આપણા આખા જીવન પર અજાણતાં સતત પરિણામ ચાલુ જ હોય છે. સ્તવનથી તેમાં શક્તિ પ્રગટ થાય છે. આપણી બીજી શક્તિઓ કરતાં આ શક્તિ ઘણી વ્યાપક છે. તે શક્તિને લીધે અશક્ય જણાતી વસ્તુઓ આપણે સહેજે સાધી શકીએ છીએ. આપણી સંકલ્પશક્તિ એ જ આપણામાં રહેલી સાચી શક્તિ છે. જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ-એ ત્રણે અવસ્થાઓમાં તે આપણામાં જાગૃતપણે કાર્ય કરતી હોય છે. આપણી અંદર ને બહાર થતી બધી ઘટનાઓમાં તે શક્તિનો સંબંધ હોઈ તેનું કાર્ય અજ્ઞાતપણે હરહંમેશ ચાલુ હોય છે. આપણું મન, બુદ્ધિ, ચિત્ત તેમ જ આપણો ‘અહમ્’ બધું સુપ્ત દશામાં ગયા પછી પણ તે શક્તિ જાગૃત હોય છે. તે જાગૃત હોય છે તેથી જ ગાઢ નિદ્રામાંથી પણ ચોક્કસ વખતે, ક્યારેક કવેળાએ પણ, તે આપણને જાગૃત કરે છે. તે જાગૃત ન હોય તો રોજના કરતાં વહેલાં પરોઢિયે ઊઠવાનો સંકલ્પ કરીને આપણે રાતે ઊંઘી ગયા પછી બરાબર તે જ વખતે આપણને ગાઢ નિદ્રામાંથી કોણ જાગૃત કરે ? એ પરથી આપણા દૃઢ સંકલ્પો અજાણતાં આપણું જીવન ઘડે છે એમાં શંકા નથી. તે સંકલ્પોને વધારે ને વધારે બળવાન, તીવ્ર અને યશસ્વી બનાવવા માટે સ્તવનની અત્યંત આવશ્યકતા છે. એ સ્તવનમાંથી આ બધી સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનો મર્મ જે સાધી શકે તે પોતાની ઉન્નતિને માર્ગે જતો જતો, જીવન ક્રમશઃ વિકસિત કરતો કરતો પોતાનું ધ્યેય પ્રાપ્ત કરી શકશે એમાં શંકા નથી.

‘વિવેક અને સાધના’, ત્રી.આ., પૃ. ૨૧ ❑

---

**(અનુસંધાન પેજ નં. ૧૪ નું ચાલુ)**

હોય, એવા સાધકને ઉપર આવી જવાનું સરળ બન્યા કરતું હોય છે.

પોતાના જીવનધ્યેયમાં સાધકને શ્રદ્ધાવિશ્વાસ એવાં તો જીવતાં હોવાં ઘટે કે જેમાંથી તેને કોઈ ડગાવી શકવા સમર્થ ના બની શકે. જે દશામાં પોતે પડેલો હોય, તે જો તેને ઘણું ઘણું સાલતું હોય તો તેવો જીવ તેવી ને તેવી દશામાં પડ્યો રહી ના શકે. તે પોકાર પાડવાનો જ. એવો અંતરનો પોકાર તે પ્રાર્થના છે. પ્રાર્થનાના મૂળમાં શ્રદ્ધા રહેલી જ છે. શ્રદ્ધા અને ભક્તિના મૂળ પાયા ઉપરની પ્રાર્થના જીવનમાં પ્રાણ પ્રગટાવી શકે.

‘જીવન પગરણ’, બી.આ., લેખકના બે બોલમાંથી ❑

## (૫) રસ વિના મનની સ્થિરતા નથી

શ્રીમોટા

આધ્યાત્મિક જીવનનાં માપ અને તેનાં લક્ષણો પોતે જાતે પોતાના વિશે જેટલું સમજી શકે તેટલું તેની કક્ષા પ્રમાણેની યોગ્ય હકીકતવાળું ન પણ હોય. તેથી, એના ઉપર તે કશું મહત્ત્વ ન મૂકે તે ઘણું જરૂરનું છે.

આમ છતાં દરેક સાધકે જીવનવિકાસ કાજેનો પોતાનો ગજ પોતાને માપવાને કાજે પોતે જ શોધી કાઢવો પડશે. પોતે પોતાને શોધતો અને પામતો રહે તે યોગ્ય છે, પણ બીજાને તેવું કરવાનું તે સાવ મૂકી દે, તે પણ ઘણું જરૂરનું છે.

જીવનવિકાસ કાજેની જેવા પ્રકારની જેટલી તમન્નાથી, જેવી ભાવનાથી અને જેવા વિચારથી જેની સોબત થાય છે, તેની સોબતથી તેવો લાભ થતો રહે છે. મહાન આત્માઓની પાસે ઘણો કાળ સુધી રહેનારાં કેટલાંયે જીવો ચાલુ જીવનમાં દેખીતી રીતે જીવનનો યોગ્ય વિકાસ કરી શકેલા નથી એવો પણ અનુભવ થયેલો હોય છે.

આ ઉપરથી અમુક પાસે અમુક જીવ આટલાં વર્ષો રહ્યો છતાં પણ કંઈ કશું ન વળ્યું, એવા વિચાર પણ કેટલાંકને થતા અનુભવ્યા છે, પણ તે યોગ્ય નથી. આપણે પોતાને જે કરવું છે, જે દિશામાં જવું છે અને જે ધ્યેય નક્કી કર્યું છે, તે બધાં પરત્વેનું સતત એકધારું લક્ષ તથા તે પરત્વેનો સહજ વેગવંત પુરુષાર્થ થયા કરે તો બીજા કશાનો વાંધો નથી. શેનો વાંધો છે તે જ પ્રત્યેક સાધકે ઓળખાવાનું રહે છે.

જે વિષયમાં ઉત્કટ લગની લાગે છે, તે વિષયમાં તે જીવનો સહજ પ્રવેશ થઈ શકે છે. લગની વિના રસ ઉત્પન્ન થઈ શકતો નથી અને **રસ વિના મન ઠરી પણ શકતું નથી.**

જે વિષયમાં લગની લગાડવી છે, તે વિષયનું મનન, ચિંતવન અને નિદિધ્યાસન રોજના આપણા જીવનના ગાળામાં બીજાં કર્તવ્યો કરતાં કરતાં વધારેમાં વધારે એકલક્ષી થતું રહે તો લગની લાગી જવાનો પૂરો સંભવ.

જે વિષયને જાણવો છે તેને તદ્રૂપ બુદ્ધિ થઈ ગઈ નથી ત્યાં સુધી તે તે વિષયની યોગ્ય પૂરી જાણકારી હોવાનો દાવો કરી શકે નહિ. અને જાણવાના વિષયમાં બુદ્ધિ પૂરી તદ્રૂપ થયા વિના તે વસ્તુની યથાર્થતા પણ સમજી શકાવાની નથી, તો પછી સ્વીકારી તો શકે જ કેમ ? સ્વીકાર પામ્યા વિનાનું કશું ગળે ઊતરી શકતું નથી એ તો રોજના અનુભવની હકીકત છે. એટલે આમ 'સ્વીકાર' આ વિષયમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

જીવનવિકાસની સાધનામાં પળેપળની જાગૃતિની ઘણી ઘણી આવશ્યકતા છે. જે પ્રકારની જેટલી જાગૃતિ તેવા ને તેટલા જ પ્રમાણમાં તે વિષયમાં દક્ષ રહી શકાય. અંતરમાંની એવી જાગૃતિ મનહૃદયની આંખ ખોલે છે અને સાધકને સતત ચેતતો રખાવી શકે છે.

સાધકને ક્યાંયે નિરાશાના વમળમાં પડી જવાનું બનતું હોય, પણ જો માથે સમર્થ ગર્જે છે એવું ભાન હોય અને ધ્યેયનું ધગધગતું તમન્નાથી તરવરતું ઝંખનાયુક્ત હૃદય સતત જળવાયા કરતું

**(અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)**

## (૬) મૃત્યુનું સ્વાગત (૨)

ઉષા

*(ડિસેમ્બર, ૨૦૧૯ના 'હરિભાવ'માં (લેખ ક્રમાંક-૧) મૃત્યુનું સ્વાગતનો પ્રકાશિત થયેલ લેખના અનુસંધાને આ લેખ છે. પૂજ્ય શ્રીમોટાએ સ્વેચ્છાપૂર્વક દેહત્યાગનું જે લખાણ તા. ૧૯-૭-૧૯૭૬ના રોજ તૈયાર કરેલું તેના અનુસંધાને આગળનાં લખાણથી આ લેખ શરૂ થાય છે - સં.)*

'મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં, શાંત જગ્યાએ, મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું. મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં. **મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ.'**

'મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ ગામડામાં પ્રાથમિક શાળાના ઓરડા બાંધવામાં કરવો.'

આ પત્ર તેમણે તા. ૨૨-૭-૧૯૭૬ના રોજ પોતાના અંતેવાસી નંદુભાઈને આપ્યો અને તા. ૨૩-૭-૧૯૭૬ની વહેલી સવારે માત્ર છ જણની હાજરીમાં લગભગ સાડા નવ કલાકની સમાધિ બાદ જડ દેહ છોડ્યો. તેમની ઈચ્છા મુજબ માત્ર છ જણની હાજરીમાં તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. ત્યારબાદ દુનિયાએ જાણ્યું કે 'મોટા' હવે નથી રહ્યા. તેમના નિઃસ્પૃહી જીવનની અસર સમાજ પર એવી થઈ કે તેમના ગયા બાદ, શાળાના ઓરડા બાંધવા માટે નાણાંનો પ્રવાહ વહેવા માંડ્યો. કુલ ફાળો એક કરોડ, તેંતાળીસ હજાર સાતસો પંચોતેર રૂપિયાનો (૧,૦૦,૪૩,૭૭૫) થયો.

આ રીતે મૃત્યુનો સ્વીકાર, મૃત્યુનું સ્વાગત, મૃત્યુને આલિંગન દેનારી કેટલીક વ્યક્તિઓ હોય છે, જે अथ मर्त्य अमृतो भवतिનું ઉદાહરણ પેશ કરે છે. રવીન્દ્રનાથે મૃત્યુને સંબોધન કરતાં લખ્યું છે, 'હે મૃત્યુ, ઈચ્છા થાય ત્યારે આવજે. હું તને ખાલી હાથે પાછો નહિ મોકલું. મારું જીવનપાત્ર છલોછલ ભરેલું છે.' જીવનપાત્ર છલોછલ ભરાયેલું હોવાની પ્રતીતિ કેટલી મોટી વાત છે ! આશ્રમના વૃદ્ધાત્મા બાળુભાઈ મહેતા હતા. વિનોબાજી તેમને કહેતા, બાળુભાઈ સંગીત શીખો છો કે નહિ ? બાળુભાઈ કહેતા, હવે શું ગાવું, ઉપર જવાનો સમય પાકી ગયો છે. તો વિનોબાજી કહેતા - गाते गाते जाना और जाते जाते गाना. ક્યારેક મૃત્યુની વાત નીકળતી તો હસતાં હસતાં અમારી સામે જોઈને સંત નામદેવનું ભજન ગણગણતા. કાળ દેહનો કોળિયો કરવા આવી પહોંચ્યો છે અને અમે આનંદથી નાચી રહ્યા છીએ, ગાઈ રહ્યા છીએ. જાણે મૃત્યુના સ્વાગત માટે અમારા ચિત્તને તૈયાર ન કરી રહ્યા હોય ! અગિયાર સપ્ટેમ્બરે એમના જન્મદિવસની ઉજવણી માટે સહુ એકઠાં થયાં હોય ત્યારે કહેતા - મારી જયંતી તો આનંદપૂર્વક મનાવી રહ્યા છો, મયંતી પણ એવી રીતે મનાવશોને ? તો તમે પણ પાસ, હું પણ પાસ. અન્યથા मरका गुरु, रडका चेलाની અવસ્થામાં તમે પણ નાપાસ, હું પણ નાપાસ. મૃત્યના સ્વાગત માટે એટલી સહજતાથી તેમણે સહુના ચિત્તને તૈયાર કર્યા કે તેમના પ્રયાણને અમે મહોત્સવના રૂપમાં મનાવી શક્યા. તેમના પ્રયાણ પછી 'મૈત્રી'નો જે અંક પ્રકાશિત થયો તે વાંચીને કોઈકે લખ્યું પણ ખરું કે વિનોબાજીના મહાપ્રયાણનું વૃત્તાંત વાંચીને

મારો મૃત્યુનો ડર ચાલ્યો ગયો.

બાકી સર્વસામાન્યતઃ મનુષ્યના ચિત્તમાં મૃત્યુનો ડર ઘર કરીને બેઠો હોય છે. મૃત્યુના સમયે શરીરને વેદના થશે, સગાંસંબંધીઓનો વિયોગ થશે, મૃત્યુ પછી શું થશે - આવી આવી કલ્પનાઓને કારણે ચિત્તમાં ભય નિર્માણ થાય છે. જીવન સંયમપૂર્ણ રહ્યું હોય, ચિત્તમાં અનાસક્તિ હોય, ઈશ્વર પર શ્રદ્ધા હોય તથા ધર્માચરણ તરફની અભિમુખતા હોય તો આ બધા ભય એટલા ઉદ્વિગ્ન નહિ કરે. મૃત્યુનો ભય દૂર કરવાનો એક કારગત ઉપાય વિનોબાજીએ બતાવ્યો છે. તેઓ કહે છે કે રોજ રાતના સૂવા જઈએ ત્યારે મૃત્યુનું રિહર્સલ, પૂર્વપ્રયોગ કરીએ. **મૃત્યુ એક દીર્ઘ નિદ્રા છે અને આ જે રોજની નિદ્રા છે તે નાનું મૃત્યુ છે.** સવારે આંખો ખૂલી તો નવજીવન. એનાથી જીવન નિત્ય તાજું રહેશે. તો રોજ સૂતી વખતે ભાવના કરીએ કે હું ઈશ્વરની ગોદમાં જઈ રહ્યો છું. આ રીતે રોજ રોજ રિહર્સલ કરવાથી મૃત્યુનો ડર નીકળી જશે અને ચિત્ત તેના સ્વીકાર માટે તૈયાર રહેશે. મૃત્યુ જીવનની અવશ્યંભાવી ઘટના છે. કોઈપણ પરિસ્થિતિમાં આપણે તેને રોકી શકવાનાં નથી. તો જે અપરિહાર્ય છે તેને માટે શોક કરવાથી શું વળશે ? આ રીતનું વિધાયક ચિંતન મૃત્યુના ભયને હાંકી કાઢશે. અન્યથા ક્યારેક તો એ ડરની ગ્રંથિ જ મૃત્યુનું કારણ બને છે. ચીની તત્ત્વજ્ઞ લાઓત્સે જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં તેને એક અશ્વારોહી મળે છે. લાઓત્સેએ તેને પૂછ્યું, તું કોણ છે, ક્યાં જઈ રહ્યો છે ? જવાબ મળ્યો, હું પ્લેગ છું અને શાંઘાઈ શહેરમાં જઈ રહ્યો છું. ત્યાં મારે દસ હજાર માણસોનો ભોગ લેવાનો છે. તેણે કહ્યું દસ હજાર, પણ તે સમયે શાંઘાઈમાં પચાસ હજાર માણસો મૃત્યુ પામ્યા. જ્યારે અશ્વારોહી પાછો જઈ રહ્યો હતો ત્યારે લાઓત્સેએ તેને કહ્યું કે તેં તો દસ હજારનો આંકડો કહ્યો હતો અને અહીં તો પચાસ હજાર મર્યા. એમ કેમ ? ત્યારે અશ્વારોહીએ કહ્યું, મેં તો દસ હજારનો જ ભોગ લીધો. બાકીના ડરના કારણે મૃત્યુ પામ્યા. નિર્વિષારી સાપ કરડ્યો ને મૃત્યુ થયું - એવી ઘટના પણ સાંભળવામાં આવે છે. ડરને કારણે તેમ બનતું હોય છે. રોજ રાતના મૃત્યુનું રિહર્સલ કરવાથી મૃત્યુ આપણું ચિરપરિચિત મિત્ર બની જશે અને ચિત્તમાંથી ડરની ભાવના હટી જશે. **બાકી મૃત્યુ છે તો અતિથિ. તે તિથિ, વાર, સમય બતાવીને ક્યારેય નહિ આવે.** નાના મોટાનો ભેદ પણ તે નથી જાણતું. ક્યારેય કોઈને પણ ઉઠાવીને લઈ જાય. એક ક્ષણને માટે પણ રોકાવાની તેની તૈયારી નથી હોતી. તેને માટે તો સદા સજ્જ રહેવું પડે. રામ જ્યારે વનમાં ગયા ત્યારે ધનુષ્યબાણને ક્યારેય પોતાથી દૂર નહોતા કરતા. માયાવી રાક્ષસ ક્યારેય હુમલો કરી શકે. તો તે સદા ધનુષ્યબાણથી સજ્જ રહેતા. તે રીતે મૃત્યુ ક્યારેય આવી શકે. તેને માટે સદા સજ્જ રહેવું જોઈએ. ગીતા કહે જ છે - तस्मात् सर्वेषु कालेषु मामनुस्मर युद्ध च । સદાસર્વદા સજ્જ રહો. અંતિમ સમયે ચિત્તમાં જે ભાવ હશે તદનુસાર આગળની ગતિ મળશે. કહ્યું જ છે, अंते मतिः सा गतिः. અંતે સદ્‌ભાવ ચિત્તમાં ત્યારે રમશે જ્યારે પૂરું જીવન તે ભાવથી ભાવિત હશે. તો સદા સદ્‌ભાવભાવિત ચિત્ત રહે તે જરૂરી છે.

મૃત્યુ ક્યારેય આવી શકે. તો ચિત્તને ક્યાંય અસ્તિત્વમાં ફસવા ન દઈએ. અન્યથા તે આસક્તિ પુનર્જન્મનું બંધન ઊભું કરશે. ચિત્ત નિઃસ્પૃહ રહ્યું તો નવાં નવાં બંધનો નહિ નિર્માણ થાય. મૃત્યુ અનાસક્તિનો બોધ આપે છે, તે જ રીતે અસંગ્રહની પણ પ્રેરણા આપે છે. મૃત્યુ પછી આપણી સાથે કોઈ પણ આવવાનું નથી,

સિવાય આપણી સદ્‌ભાવના. કહે છે કે પોતાના અંતિમ દિવસોમાં સમ્રાટ સિકંદર એકઠી કરેલી સંપત્તિ જોઈને રડતો હતો કે જે સંગ્રહ માટે મેં આટલાં આટલાં કષ્ટ ઉઠાવ્યાં તેમાંથી એક પણ ચીજ હું મારી સાથે લઈ નહિ જઈ શકું. સંતજન કહે જ છે કે અશાશ્વત ચીજોના સંગ્રહમાં ન ફસાતાં. મૃત્યુના સમયે મુક્તિનો આસ્વાદ લેવો છે તો કોઈપણ નાશવાન વસ્તુની સાથે ચેતના બંધાયેલી ન હોય તે જોવું જરૂરી છે. ઘરબાર, પુત્ર-પરિવાર, સત્તા-સંપત્તિ, બધું જ તો નાશવાન છે. તો **મૃત્યુ આપણને અનાસક્તિ, અસંગ્રહનો બોધપાઠ આપે છે.** ઉપરાંત, તે આપણામાં અવ્યક્તની ખોજની પ્રેરણા નિર્માણ કરે છે. આપણે સહુ અવ્યક્તમાંથી આવ્યાં છીએ, અવ્યક્તમાં વિલીન થવાનાં છીએ. વચ્ચેનો નાનકડો ગાળો વ્યક્ત છે. અવ્યક્તની ઓળખાણ કરવામાં તેનો ઉપયોગ કરવો બુદ્ધિમાનીનું લક્ષણ છે. આપણે 'ક્યાંથી આવ્યાં, ક્યાં જવાનાં'ની જિજ્ઞાસા ચિત્તમાં નિર્માણ નથી થતી તો મનુષ્ય જન્મ એળે ગયો કહેવાય. મૃત્યુ પછી શું - એનું ચિંતન પશુ-પક્ષી નહિ કરી શકે, પરંતુ મનનશીલ માનવીએ તો તેને પુરુષાર્થનું ક્ષેત્ર બનાવવું રહ્યું.

સંતો મૃત્યુ પહેલાં મરી જવાની વાત કહેતા હોય છે. આ કાંઈ નિરાશાની વાણી નથી. એ તો છે અત્યંત વિધાયક વાત. જેની કામનામાત્ર ખતમ થઈ ચૂકી છે તે જ મૃત્યુ પહેલાં મરવાની વાત બોલી શકે. અમર જીવનની ચાવી તેના હાથમાં આવે છે. સંત તુકારામે કહ્યું જ છે, मरण माझे मरोनि गेले, मज केले अमर - મારું મરણ મરી ગયું અને હું અમર થઈ ગયો. મૃત્યુ મરી ગયું એટલે વાસના-વિકાર સમાપ્ત થઈ ગયાં. આસક્તિ-અહંકાર પણ ખતમ થઈ ગયાં. નામરૂપાત્મક દુનિયાનું કોઈ આકર્ષણ તેને ખેંચી નહિ લઈ જાય. કાંઈક કરવું છે, કાંઈક બનવું છે, કાંઈક પામવું છે - એવી એવી કોઈ આકાંક્ષા તેને સતાવતી નથી. દેહ-મનમાં પૂર્ણ નિઃસ્પૃહતા આત્મસાત્ થઈ ગઈ છે. ન જીવવાની આકાંક્ષા શેષ છે, ન મરવાની. ઈશ્વરના હાથમાં બધું કાંઈ સોંપી દીધું છે. ભીતર પૂરું સમાધાન જ સમાધાન છે. નિજાનંદની મસ્તી અસ્તિત્વમાં રોમ રોમમાંથી પ્રકટ થઈ રહી છે અને તે ગાય છે - आपुले मरण पाहिले म्यां डोळा - મારી આંખોથી હું મારું મૃત્યુ જોઈ રહ્યો છું. तो झाला सोहळा अनुपम - તે અનુપમ ઉત્સવનું શું વર્ણન કરું ?

મૃત્યુને કોઈ પરમ સખા કહે છે, કોઈ નવજીવનનું દ્વાર કહે છે તો કોઈ માંગલ્યનું ધામ કહે છે. મૃત્યુ દૈહિક કષ્ટમાંથી છોડાવે છે. ચિત્તશુદ્ધિની પ્રેરણા દે છે. શેક્સપિયરે કહ્યું છે કે તમારો મિત્ર સાંજે મરવાનો છે એવી તમને ખબર હોત તો સવારે તમે તેની સાથે જે કઠોર વહેવાર કર્યો, તે કરત કે ? વિનોબાજી કહે છે કે શેક્સપિયરના આ વચનથી મારા ચિત્ત પર વિલક્ષણ અસર થઈ. મારો સ્વાભાવિક ક્રોધ આ વચનથી અડધો થઈ ગયો. સામેના માણસનું મૃત્યુ નજીક છે એવો ખ્યાલ આવતાં જ આપણો વહેવાર મૃદુ થઈ જશે. (ક્રમશઃ)

'મૃત્યુનું સ્વાગત', ચોથી આ., પૃ. ૨૩ ❑

**'દીક્ષાદિન'**

**પૂજ્ય શ્રીમોટાના દીક્ષાદિન નિમિત્તે તા. ૨-૨-૨૦૨૦ને રવિવારે હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ સુધી પ્રાર્થના, નામસ્મરણ, ભજન અને પ્રસાદના કાર્યક્રમનું આયોજન કરાયું છે.**

**- સંપાદક**

# (૭) એકાંત અને મૌન

**થોમસ કેમ્પિસ**

**એકાંત અને મૌન પ્રત્યેના પ્રેમ વિશે**

**૧.** તું તારા પોતાના અંતરમાં ઊતરીને વિચાર કરવાનો અનુકૂળ સમય શોધી કાઢ અને **પરમેશ્વરે કરેલા ઉપકારો પર વારંવાર મનન કર.** માત્ર જિજ્ઞાસાને પોષે એવી બાબતો રહેવા દે. એવી વસ્તુઓનું વાંચન કર જેથી તને સમય પસાર કરવાનું સાધન મળી જવા કરતાં તો દિલને પિગળાવે એવો પશ્ચાત્તાપ કરાવે. જો તું વધારે પડતી વાતોથી અને નકામી મુલાકાતોથી વંચિત રહેશે તેમ જ સમાચારો અને અફવાઓ સાંભળવામાં સમય નહિ બગાડે, તો સારી રીતે ચિંતન કરવાનો તને પૂરતો અને યોગ્ય વખત મળશે. મોટામોટા સંતપુરુષો, બનતાં સુધી માનવ સમાગમથી દૂર રહેતા અને એકાંતમાં પરમેશ્વરની ભક્તિ કરવાનું વધારે પસંદ કરતા.

**૨.** એક ફિલસૂફે કહ્યું છે કે, 'જેટજેટલી વાર હું માણસોના સમાગમમાં આવ્યો છું, તેટતેટલી વાર હું ઓછો માનવી બનીને ઘેર પાછો ફર્યો છું.' લાંબા વખત સુધી બીજા સાથે વાતોએ ચઢીએ ત્યારે આપણને પણ કેટલીક વાર આવો જ અનુભવ થાય છે. શબ્દવ્યાપારમાં સીમાબહાર ન જવા કરતાં તો સમૂળગું ચૂપ રહેવું જ વધારે સહેલું છે. મઢૂલી બહાર પોતા પર પૂરતો જાપતો રાખવા કરતાં તો મઢૂલીમાં પુરાઈ રહેવું વધારે સહેલું છે. માટે જો માનવી અંતર્મુખ બનવા ઇચ્છતો હોય અને આધ્યાત્મિક લાભ મેળવવા માગતો હોય, તેણે તો પ્રભુ ઈસુની સાથે માનવટોળાંથી દૂર ભાગવું જોઈએ. ખુશીથી ગુપ્ત રહેવા ચાહતો હોય એવા માણસ સિવાય બીજો કોઈ પણ જાહેરમાં નિર્ભય રીતે વર્તી શકતો નથી. સ્વેચ્છાએ ચૂપ રહેવાનું પસંદ કરતા માનવી સિવાય બીજો કોઈ પણ ખાતરીપૂર્વક બોલી શકતો નથી. રાજીખુશીથી તાબેદારી ભોગવતા  માનવી સિવાય બીજો કોઈ પણ સાચો સત્તાધારી બની શકતો નથી. કોઈ પણ માણસ નિર્ભયતાથી હુકમ આપી શકતો નથી, સિવાય કે પોતે સારી રીતે હુકમપાલન કરતાં શીખ્યો હોય. કોઈ પણ માણસ નિર્ભય રીતે આનંદ માણી શકતો નથી, સિવાય કે તેનું અંતર સારાપણાની સાક્ષી પૂરતું હોય.

**૩.** તોપણ સંતપુરુષોની નિર્ભયતા હંમેશાં ઈશ્વરની બીકથી ભરપૂર હતી. પોતે ભારે સદ્‌ગુણસંપન્ન હોવા છતાં તથા ઈશ્વરી પ્રસાદથી ઝળાંઝળાં હતા તોપણ, તેઓ પોતા ઉપર જાપતો રાખવામાં કે નમ્રતા દાખવવામાં કંઈ ઓછા દરકારવાળા ન હતા, પરંતુ દુષ્ટ માણસોની નિર્ભયતા તેમના અહંકાર અને ગુમાનમાંથી ઉદ્‌ભવે છે અને છેવટે તેમની પોતાની છેતરામણીમાં જ પરિણમે છે. તું પોતાને, ગમે તેવો સારો મઠવાસી અથવા અઠંગ એકાંતવાસી લાગતો હોય, છતાં કદી આ જીવનમાં તને પોતાને કોઈ પણ જાતની સલામતીની ખાતરી આપતો નહિ.

**૪.** કેટલીક વાર જેઓ માનવ અભિપ્રાયમાં

મહાન ગણાતા તેઓ પોતાના આત્મવિશ્વાસની અતિશયતાને લીધે ભારે ભયમાં આવી પડ્યા છે. તેથી, અમુક માણસો પરીક્ષણોથી તદ્દન મુક્ત ન રહે, કિંતુ વારંવાર હુમલાનો ભોગ બને, એ તેમને માટે વધારે સારું હોય છે. આ પ્રમાણે તેઓ પોતાને એકદમ સહીસલામત માની બેસશે નહિ, ગર્વથી ફુલાઈ જશે નહિ, અને વધારે સ્વચ્છંદતાથી બાહ્ય દિલાસા તરફ ઢળી જશે નહિ. અરે, જો કોઈ માનવી કદી પણ સરી જતા આનંદ પાછળ ફાંફાં મારે નહિ, અથવા તો દુનિયાની ઘાલમેલમાં કદી પડવા માગે નહિ, તો તેનું દિલ કેવું સાફ રહે ! અરે, જો કોઈ માણસ સઘળી નકામી ચિંતાઓ છોડી દઈ ફક્ત ઈશ્વરી વાતો અને આત્મમુક્તિ પર જ વિચાર કરે, તથા પોતાની બધી આશા પરમેશ્વરમાં જ સ્થાપે, તો તે કેવી મહાશાંતિ અને સ્વાસ્થ્યનો વારસદાર બને !

**૫.** જેણે પાવનકારી પશ્ચાત્તાપમાં પોતાને કાળજીપૂર્વક તાવી જોયો હોય, એવા માનવી સિવાય અન્ય કોઈ સ્વર્ગીય સુખશાંતિ અનુભવવા લાયક ન ગણાય. જો તારા અંતરમાં તારે પશ્ચાત્તાપ અનુભવવો હોય, તો તારી મઢૂલીમાં ખૂણાનો આશરો લે અને સંસારના શોરબકોરથી વિમુક્ત બન, અને પવિત્ર શાસ્ત્રમાં લખ્યું છે તેમ, 'તમારા ઘરખૂણે પશ્ચાત્તાપ આદરો.' જે વસ્તુ તું બહાર ઘણી વાર ગુમાવી બેસીશ તે તારી પર્ણકુટીરમાં મળી આવશે. મઢૂલીમાં એકધારો વસવાટ કરવાથી તે તને પ્રિય થઈ પડશે. કિંતુ તેમાં ટકીને નહિ રહેવાથી અરુચિકર થઈ પડશે. જો તારા જીવનપલટાની શરૂઆતથી જ તું તેમાં રહેવાની ટેવ પાડે, ને તેને વ્યવસ્થિત રાખે, તો પછીથી તે તને અતિ સુખકર દિલાસો દેનારી પ્રિય સખી થઈ પડશે.

**૬.** મૌન અને શાંતિમાં ભાવુક આત્મા પ્રગતિ સાધે છે અને પવિત્ર શાસ્ત્રનાં રહસ્યોનો ઉકેલ મેળવે છે. ત્યાં આગળ તેને પશ્ચાત્તાપનાં આંસુનું વિપુલ ઝરણું મળે છે, જેમાં તે પ્રત્યેક રાત્રે ડૂબકી મારી વિશુદ્ધ બની શકે છે. તેથી, સંસારની ધમાલથી જેટલો દૂર રહે તેટલો વધારે પોતાના ઓળખીતાઓ તથા મિત્રોનો ત્યાગ કરશે, તેની નજીક પરમેશ્વર પોતાના પવિત્ર દૂતોની સાથે આવીને રહેશે. પોતા સંબંધી બેદરકાર બનીને ચમત્કારો કરવા કરતાં તો ગુપ્ત વાસમાં રહેવું ને પોતાની જ ચિંતા કરવી એ વધારે ઈષ્ટ છે. સાધુપુરુષ ભાગ્યે જ જાહેરમાં હરેફરે, દર્શનો દેવાનું રહેવા દે, અને માણસોના પરિચયમાં આવવાનું ન ઇચ્છે, તો એ પ્રશંસનીય કહેવાય.

**૭.** જો અમુક વસ્તુ તારી પાસે હોવી કાયદેસર ન ગણાય, તો પછી તેને જોવા શા માટે ઇચ્છે છે ? 'સંસાર સરી જાય છે, અને સાથે સાથે તેની વાસના પણ.' ઇંદ્રિયોના વિકારો તને બહાર ખેંચી જાય છે, પરંતુ એ ઘડી વીતી ગયા પછી તારા પોતાના દિલ ઉપર ભારેખમપણું અને ખળભળી ઊઠેલા હૃદય સિવાય બીજું શું લઈને તું ઘેર આવે છે ? મોજીલું બહિર્ગમન ઘણીવાર વિષાદભર્યા પ્રત્યાગમનમાં પરિણમે

**(અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)**

## (૮) જીવાત્મા અને પરમાત્મા

ડૉ. આનંદશંકર ધ્રુવ

હિંદુ ધર્મમાં આત્માને ઉત્પન્ન થયેલો માનવામાં આવતો નથી. એ અનાદિ છે. એટલે કે એનો આદિ અર્થાત્ આરંભ શરૂઆત અમુક દિવસથી થયેલ છે એવું નથી. આપણે બધાં પ્રભુનાં બાળકો છીએ, એનો અર્થ એ કે જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ આપણે પ્રભુમાંથી નીકળીએ છીએ, પણ તણખા તે જેમ કોઈ નવો ઉત્પન્ન થયેલો પદાર્થ નથી, પણ મોટા અગ્નિમાંથી છૂટો પડેલો ઝીણો દેખાતો તેનો ભાગ છે અને તે તણખો કહેવાય છે, તેમ **જીવાત્મા અને પરમાત્મા તે એક જ પદાર્થ છે.**

આપણી આજુબાજુ પથરાયેલી પરમાત્માની શક્તિ જેને પરમાત્માની પ્રકૃતિ કહેવામાં આવે છે, તે શક્તિ અથવા પ્રકૃતિથી આપણો દેહ બન્યો અને એ દેહને લીધે આપણે આ જીવ બન્યા છીએ. બાકી જેમ તણખા અગ્નિની બહાર નીકળે છે, તેમ આપણે કાંઈ પરમાત્માની બહાર નીકળતાં નથી. પરમાત્માની બહાર હોય એવું કશું હોઈ શકે નહિ, કારણ કે પરમાત્મા તો સર્વવ્યાપક સર્વરૂપ છે.

વળી, પરમાત્મા અને પરમાત્માની શક્તિ-પ્રકૃતિ એ બે પણ જુદી જુદી વસ્તુઓ નથી, તેમ તેજ અને તેજની શક્તિ, દીવો અને દીવાની પ્રકાશ આપવાની શક્તિ જુદાં નથી, તેમ પરમાત્મા એ જ પરમાત્માની શક્તિ છે અને તેથી પરમાત્માને પિતા અને માતા બન્ને કહી શકાય છે.

આ ઉપરાંત, પરમાત્માને એક બીજી રાજાની પણ ઉપમા અપાય છે, રાજાની માફક પરમેશ્વર પણ આપણે માટે નીતિના અને સૃષ્ટિના નિયમોના કાયદા બાંધે છે, ખોટે માર્ગે જતાં રોકે છે અને સારે માર્ગે ચડાવે છે. આપણે દોષ કરીએ તો શિક્ષા કરે છે અને સારી રીતે ચાલીએ તો રાજી રહે છે અને ઇનામ પણ આપે છે. આની સાથે આટલું ધ્યાનમાં રાખવું કે રાજા એ સખત ન્યાયની મૂર્તિ છે અને માતાપિતા એ વાત્સલ્ય-(માતાપિતાનો છોકરાં ઉપરનો ભાવ)ની મૂર્તિ છે. તેથી જ્યારે પરમાત્મામાં આ બીજો ભાવ વિશેષ બતાવવો હોય ત્યારે આપણે એને માતાપિતાની ઉપમા આપીએ છીએ.

વળી, ઈશ્વરને ત્રીજી પણ ઉપમા અપાય છે. તે છે - સખા અર્થાત્ મિત્રની.

રાજાને બદલે માતાપિતાની ઉપમા કોમળતા બતાવે છે. તેમાં પણ એક ખામી છે. માતાપિતા સાથે આપણે માનથી વર્તીએ છીએ, દુઃખને વખતે તેમનો આશ્રય લઈએ છીએ, પણ હૃદય ખોલીને પૂરેપૂરી છૂટથી બધી જાતની વાતો કરવી એ તો આપણે મિત્ર સાથે જ કરીએ છીએ. તેથી, પરમાત્માને ગીતામાં 'સખા' એટલે મિત્ર કહેવામાં આવે છે. વેદ કહે છે કે, આ સંસારરૂપી વૃક્ષ ઉપર બે જોડીદાર પક્ષીઓ બેઠાં છે. તેમાંનું એક એ વૃક્ષનાં મીઠાં ફળ ખાવા લોભાય છે અને બીજું એ ફળ જોયા કરે છે, પણ ખાતું નથી. આમાં આ ખાનાર પક્ષી તે જીવ અને જોનાર તે પરમાત્મા. આપણા હૃદયમાં પણ આપણો અને પરમાત્માનો એકઠો વાસ છે, પણ આપણે આ સંસારના ભોગ ભોગવવા લોભાઈએ છીએ અને પરમાત્મા સાથે રહ્યો રહ્યો જોયા કરે છે તથા એક મિત્રની માફક આપણને ચેતાવે પણ છે.

આ બે સખાનાં નામ આપણા ઇતિહાસ-પુરાણોમાં નર (પુરુષ જીવ) અને નારાયણ

(પરમાત્મા) કહ્યાં છે અને તે નર અને નારાયણના અવતાર એ અર્જુન અને કૃષ્ણ. આ બે સખા, તેમાં પરમાત્મા તે આ સંસારમાં જીવાત્માને યોગ્ય માર્ગે દોરનાર-ચલાવનાર છે. કૃષ્ણ સંસારરૂપી રણક્ષેત્રમાં અર્જુનના સારથિ થયેલા છે તેનો પણ આ જ ભાવ છે.

આમ છતાં આપણો અને પરમાત્માનો સંબંધ એકલો મિત્ર જેવો નથી. મિત્રો તો સરખા હોય. આપણે અને પરમેશ્વર કાંઈ સરખાં છીએ ? મિત્રના ભાવ સાથે રાજા-પ્રજાના અને માબાપ-સંતાનના ભાવ પણ આવવા જોઈએ.

આપણો અને પરમેશ્વરનો સંબંધ જગતના કોઈ પર એક દૃષ્ટાંતથી પૂરેપૂરો સમજાવી શકાતો નથી. મિત્રના દૃષ્ટાંતમાં એક ખામી એ છે કે મિત્રોનો દેહ એકબીજાથી સ્વતંત્ર છે, પણ જીવાત્માનો દેહ તો પરમાત્માના દેહમાંથી આપણી આસપાસ વિસ્તરેલી પ્રકૃતિમાંથી જ ઉત્પન્ન થયેલો છે અને તેથી તેનો જ એક ભાગ છે. આ રીતે પણ મિત્રને દૃષ્ટાંત પૂરેપૂરું બંધબેસતું થતું નથી. વળી, મિત્રના દૃષ્ટાંતમાં આ એક અને આ બીજો એમ બે ગણી શકાય, પણ પરમાત્મા તો આપણા સઘળાંના આત્મામાં જે એક જ ચૈતન્ય વસે છે. જે ચૈતન્યસ્વરૂપે આપણે સર્વે એક જ છીએ અને જે ચૈતન્યથી આપણે જુદાં નથી તે છે. દરિયાનાં મોજાં એકબીજાથી જુદાં, પણ દરિયારૂપે તો સૌ એક તેવી રીતે જીવાત્મા-એકબીજાથી જુદા, છતાં પરમાત્મારૂપે સૌ એક. વળી મોજાં એ દરિયો જ છે, દરિયાથી જુદાં નથી. તેમ **જીવાત્મા તે પરમાત્મા જ છે, પરમાત્માથી જુદો નથી.**

'હિંદુ ધર્મની બાળપોથી', સા. આ. પૃ. ૫૯ ❑

**(અનુસંધાન પેજ નં. ૧૯ નું ચાલુ)**

છે અને વિલાસમયી રાત્રિ આવતી સવારને શોકગ્રસ્ત બનાવી મૂકે છે. એ પ્રમાણે બધા જ દૈહિક આનંદો મઝાથી પ્રવેશ પામે છે, પરંતુ અંતે તો અફસોસ અને મૃત્યુને જ નોતરે છે. જે તું અહીંયાં દેખાતો નથી, તે બીજે ક્યાં જોઈ શકીશ ? આસમાન, ધરતી અને બધાં મૂળતત્ત્વો તારી નજર આગળ પડ્યાં છે અને એમાંથી બધી વસ્તુઓ બનેલી છે.

૮. સૂર્ય તળે લાંબો સમય ટકી શકે એવી કોઈ પણ વસ્તુ તું ક્યાંય ભાળી શકે છે ? તું માને છે કે કદાપિ તને પૂર્ણ સંતોષ થશે, પરંતુ એ નહિ બને. જો તું બધી જ વસ્તુઓને એકીસાથે તારી સમક્ષ હાજર થયેલી જોઈ શકે, તો આ એક નિરર્થક દર્શન સિવાય બીજું શું હોઈ શકે ? તારી નજર ઈશ્વર ગમ ફેરવ અને તારાં પાપકર્મો તથા બેદરકારીને માટે ક્ષમા યાચ. **મિથ્યા વાર્તાલાપો મિથ્યાભિમાની લોકો પર છોડી દે.** તું તો, ઈશ્વરે તને આપેલા આદેશને વળગી રહે, તું બંધ બારણે બેસી જા, અને તારા વહાલા ઈસુનું આહ્‌વાન કર.

'ખ્રિસ્તાનુકરણ', પૃ. ૪૨ ❑

**ગયેલા આત્માને**

**પૂજ્ય શ્રીમોટાના સુરત નિવાસી સ્વજન અને સને ૨૦૧૧ના રામનવમીના ઉત્સવના યજમાન શ્રી ધીરજભાઈ ઠાકોરભાઈ હલવાવાળાનો તા. ૧૮-૧૨-૨૦૧૯ના રોજ ૭૭ વર્ષની વયે દેહાંત થયો છે.**

**શ્રીહરિ ગતાત્માનું યશ કલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. -સંપાદક**

'શબ્દ' ઉપરનું લખાણ (પૂજ્ય શ્રીમોટા વિરચિત) **'સદ્‌ગુરુ'**માં આવે છે, તે વાંચીને કોઈકને એમ પણ થાય કે મોટાએ આ તો વિષયાંતર કર્યું, પરંતુ તે તેમ નથી. પ્રત્યેક ચેતનાનિષ્ઠને ઉપાસના તો આવશ્યક. ઉપાસનામાં કોઈ ને કોઈ ગૂઢ રીતે 'શબ્દ' તો આવી જાય. 'શબ્દ'ની અનંત લીલા છે. પ્રકૃતિના ક્ષેત્રે પણ અનંત લીલા છે. કામક્રોધાદિ વગેરેમાં પણ તેની લીલા છે. 'શબ્દ'ની સંગાથે રહીને 'શબ્દ'ને વર્ણવવા જવું એટલે ગૂઢમાં ગૂઢ પ્રદેશમાં ઊતરવું. વ્યક્ત થયેલ દરેક શબ્દને અખંડ-નિરવયવ, અનિર્વાચ્ય એવા 'શબ્દ' સાથે સંબંધ છે. 'શબ્દ'ને કુંડલિનીની જાગૃતિ સાથે પણ સંબંધ ખરો. અત્યારે એક રીતે બધાંની કુંડલિનીની જાગૃતિ છે જ, પરંતુ તેની નિમ્ન ગતિ છે. તે પ્રકૃતિના વહેણમાં વહે છે. જો ઊર્ધ્વ મનનચિંતવન થાય, તો તે પ્રમાણે વહેવા લાગે.

**'શબ્દ'ને લીધે પ્રાણ છે, પ્રાણને લીધે 'શબ્દ' નથી.** શબ્દમાં એકાકાર, અખંડાકાર વૃત્તિ થઈ જાય ત્યારે જે 'શબ્દ' થાય તે જુદો. ત્યારે તે બધે જ રમે છે. પ્રકૃતિમાં રમતો હોવા છતાં અખંડાકારે રમતો હોય છે. ત્યારે જ તે સર્વત્ર છે. નિમ્નમાં નિમ્ન ગતિમાં 'પોતે અખંડ છે', 'હું જ છું', 'ક્યાંય ભિન્નતા નથી.' એવી પ્રતીતિ એને ત્યારે જ થાય છે.

'શબ્દ'નાં મોજાં દ્વારા આધાર પરિપક્વ થતો જાય છે. હ્રીં, ક્લીં વગેરે એકાક્ષરી બીજમંત્રો તંત્રમાં શોધાયા એની પાછળ એવું દૃષ્ટિબિંદુ હતું કે એવા કોઈ પણ શબ્દ શોધવા કે જેનાથી સ્વરૂપપ્રાપ્તિ વગેરેનો કાળ ટૂંકાવી શકાય. એમાં પણ બે ફાંટા છે. કૃષ્ણગતિ અને શુક્લગતિ. 'શબ્દ'ના માત્ર ઉચ્ચારથી જ્ઞાનતંતુના ભાવમાં પરિપક્વતા થાય તો પ્રકૃતિની સ્થિતિ હોવા છતાં સાક્ષીભાવે એકાકાર, અખંડાકાર રહી શકાય. **એમાં શ્રદ્ધા, માનવું કે ન માનવું એને કોઈ સંબંધ નથી. તાત્પર્ય કે માત્ર ઉચ્ચારણથી કાર્ય સિદ્ધિ થાય છે.** શરીરમાં પણ વિરોધનાં તત્ત્વો વચ્ચે અખંડતા જન્મે ત્યારે ખરી અખંડતા કહેવાય.

'શબ્દ'ની પણ જુદી જુદી ભૂમિકાઓ છે. અગિયારમી ભૂમિકા પછી 'શબ્દ'નો નાદ સંભળાય છે. નાદ છેક સમાધિ સુધી લઈ જાય છે. કોઈ વાર પક્ષીના, કોઈ વાર વાછરડાં ભાંભરે તેવા, કોઈ વાર વાજિંત્રના જેવા નાદ સંભળાય છે. નાદ એવો લાગે, પણ ખરેખર એવો હોતો નથી. આ છે શબ્દની લીલા. 'શબ્દ' પરનાં લખાણમાં એની સંપૂર્ણ ઉચ્ચમાં ઉચ્ચ પ્રદેશની હકીકત નથી આવી. એ પરત્વે શ્રી અનુપરામ ભટ્ટ સાહેબે મને અંગુલિનિર્દેષ પણ કર્યો. તે વેળાએ માનસશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી ઈંદુકુમાર દેસાઈ પણ હાજર રહ્યા હતા. તે વખતે જુદી જુદી ઉચ્ચ ભૂમિકામાં શબ્દનો કેવો પ્રકાર, કેટલી શક્તિ અને આરાધના, કરણ ઉપર તેની કેવી કેવી અસર અને તંત્રમાં બોલતા શબ્દો કે જેનો કંઈ અર્થ જ નીકળી ન શકે એવા ઉપર દર્શાવેલા તાંત્રિક શબ્દની પણ, એટલે કે તેવા શબ્દોનાં મોજાંની અસર કેવી કેવી અને ક્યાં ક્યાં કેમ થાય છે તે બધી હકીકતનું સ્પષ્ટીકરણ ત્યારે મેં કર્યું હતું.

'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ., પૃ.૩૨ 'લેખકના બે બોલ'માંથી ❑

સંક્રાંતિનો ઉત્સવ નિસર્ગનો ઉત્સવ છે. પોષ મહિનામાં સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી, આ ઉત્સવને મકરસંક્રાંતિ કહેવામાં આવે છે. સૂર્ય એની પૃથ્વી આસપાસની પરિભ્રમણની દિશા બદલે છે, એ સહેજ ઉપર તરફ ખસતો જાય છે. તેથી, તેને ઉત્તરાયણ પણ કહેવામાં આવે છે. સૂર્યના સંક્રમણની સાથે સાથે જીવનનું સંક્રમણ પણ સંકળાયેલું છે. એ દૃષ્ટિએ આ ઉત્સવનું સાંસ્કૃતિક રીતે પણ અનોખું મહત્ત્વ છે.

તમસો મા જ્યોતિર્ગમય – અંધકારમાંથી પ્રકાશ તરફ પ્રયાણ કરવાની વૈદિક ઋષિઓની પ્રાર્થના આ દિવસના સંકલ્પિત પ્રયત્નોની પરંપરાથી સાકારિત થવી સંભવિત છે. કર્મયોગી સૂર્ય પોતાના ક્ષણિક પ્રમાદને ખંખેરીને અંધકાર ઉપર આક્રમણ કરવાનો આ દિવસે દૃઢ સંકલ્પ કરે છે. આ દિવસથી અંધારું ધીરે ધીરે ઘટતું જાય છે. દેવો પણ આ દિવસે ઊંઘમાંથી જાગે છે. સારાં કામો કરવાં માટેના શુભ દિવસોની શરૂઆત થાય છે. હિંદુઓ મકરસંક્રાંતિ પછી જ પોતાનું મૃત્યુ આવે એવું ઝંખે છે. કૃતાન્ત યમરાજને ઉત્તરાયણ સુધી રોકી રાખનાર પિતામહ ભીષ્મ આ માટેનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડે છે.

અગ્નિ, જ્યોતિ અને પ્રકાશથી યુક્ત ગતિ એટલે શુક્લ ગતિ તથા ધુમાડો તેમ જ અંધકારથી યુક્ત ગતિ એટલે કૃષ્ણ ગતિ. આ દૃષ્ટિએ જોતાં ઉત્તરાયણમાં મૃત્યુની આકાંક્ષા એટલે તેજસ્વી અને પ્રકાશમય મરણની ઝંખના. ધુમાડા જેવું કાળું અને અંધકાર જેવું બિહામણું જીવન માણસને નિકૃષ્ટ મૃત્યુ ભણી ખેંચી જાય છે.

મકરસંક્રાંતિ એટલે પ્રકાશનો અંધકાર ઉપર વિજય. માનવીનું જીવન પણ અંધકાર અને પ્રકાશથી ઘેરાયેલું છે. તેના જીવનનું વસ્ત્ર કાળા અને ધોળા તંતુઓથી વણાયેલું છે. માનવના જીવનમાં રહેલાં અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, જડતા, કુસંસ્કાર વગેરે અંધકારના દ્યોતક છે. માણસે અજ્ઞાનને જ્ઞાનથી, વહેમને વિજ્ઞાનથી, અંધશ્રદ્ધાને સમ્યક શ્રદ્ધાથી, જડતાને ચેતનાથી અને કુસંસ્કારોને સંસ્કાર સર્જનથી દૂર હઠાવવાના છે. એ જ એના જીવનની સાચી સંક્રાંતિ કહેવાશે.

સંક્રાંતિ એટલે સમ્યક ક્રાંતિ, ક્રાંતિમાં પરિસ્થિતિ પરિવર્તનની આકાંક્ષા હોય છે, જ્યારે સંક્રાંતિમાં સમ્યક-પરિસ્થિતિ-સ્થાપનની અભિલાષા હોય છે. આના માટે કેવળ સંદર્ભ નહિ પરંતુ માનવી મનના સંકલ્પો પણ બદલાવા જોઈએ, જે વિચારક્રાંતિથી શક્ય છે. ક્રાંતિમાં હિંસાનું મહત્ત્વ રહી શકે, પરંતુ સંક્રાંતિમાં તો સમજદારી સામ્રાજ્ય ભોગવે છે. અહિંસાનો વિધાયક અર્થ ‘પ્રેમ કરવો’ એ સંક્રાંતિમાં તો ક્ષણ ક્ષણ અને કણ કણમાં વહેતો જોવા મળે છે. સંક્રાંતિ એટલે મસ્તક કાપવું નહિ પણ મસ્તકમાં રહેલા વિચારો બદલવા, અને એ જ સાચો વિજય છે.

સંક્રાંતિ એટલે સંગક્રાંતિ. માણસે આ દિવસે સંગ-મુક્ત થવાનો સંકલ્પ કરવો જોઈએ. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર ઇત્યાદિ વિકારોની અસરમાંથી શક્ય તેટલા મુક્ત રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**संगः सर्वात्मना हेयः स चेत् त्यक्तुं न शक्यते ।**
**स सिद्धिः सह कर्तव्यः साधु-संगो हि भेषजम् ॥**

'બધા જ પ્રકારનો સંગ છોડવો જોઈએ પણ તે જો શક્ય ન હોય તો સારા માણસો જોડે સંગ રાખવો જોઈએ. કારણ **સત્સંગ એ જીવનનું ખરું ઔષધ છે.**' કુસંગથી માણસ પતનની ગર્તામાં ગબડી પડે છે. અનંત ગુણોથી અલંકૃત એવો કર્ણ, ધૃતરાષ્ટ્ર, શકુનિ, દુર્યોધન અને દુઃશાસન-એ ચાંડાળ ચોકડીના સંગથી અધોગતિને પામ્યો તેનું હૂબહૂ ચિત્રાણ મહાભારતકાર વ્યાસે આપણી સામે કર્યું છે. જીવનમાં આપણે ઉત્તરોત્તર મહાન માણસોનો સંગ કરતાં જવું જોઈએ એવો સંક્રાંતિનો સંદેશ છે.

સંગમુક્તિમાંથી ધીરે ધીરે આપણે મુક્ત-સંગ બનવું જોઈએ. એટલે કે મુક્ત જીવનના લોકોનો સંગ કરવો જોઈએ. આવા જીવન્મુક્ત લોકો જ આપણી ક્રાંતિને યોગ્ય રાહ, દિશા અને માર્ગદર્શન આપી શકે.

સંક્રાંતિ એટલે સંઘક્રાંતિ. કોઈ પણ મહાન કાર્યમાં સંગઠનની જરૂરિયાત રહે છે. संघे शक्तिः कलौ युगे । સંઘમાં વિશિષ્ટ શક્તિ નિર્માણ થાય છે. આ વિશાળ વિશ્વની અંદર કોઈ પણ કામ કરવાને માટે એકલો માણસ અપૂરતો છે. તેની શક્તિઓની મર્યાદા છે. સંઘની અંદર વિશિષ્ટ પ્રકારની શક્તિઓ વિપુલ પ્રમાણમાં એકઠી થાય છે અને તે કોઈ પણ કઠિન કાર્યને સહજ શક્ય બનાવે છે, પરંતુ આ સંઘનિષ્ઠના પાયામાં જ્વલંત પ્રભુનિષ્ઠા હોવી જોઈએ તે વાત ભુલાવી ન જોઈએ.

સંઘમાં ભેગા થયેલા લોકોના સંબંધો સ્નેહપૂર્ણ અને મધુર રહેવા જોઈએ. આ વાતની સ્મૃતિ તરીકે સંક્રાંતિના દિવસે તલગોળના લાડુ એકબીજાને આપવાની પ્રથા શરૂ થઈ હશે એમ લાગે છે. તલમાં સ્નિગ્ધતા છે. રૂક્ષ થયેલા આપણા સંબંધોમાં સ્નિગ્ધતા તલ લાવી શકશે અને ગોળની મીઠાશ મનની કડવાશ દૂર કરશે. તલ એ સ્નિગ્ધતાનું દ્યોતક છે; ગોળ અંતરની મીઠાશનું સૂચક છે. **સ્નેહ અને મીઠાશનું પ્રતીક એટલે તલ અને ગોળ.** સગાંસંબંધીઓ, મિત્રો, પડોશીઓ કે અન્ય સ્નેહીજનો સાથે કોઈ કારણસર વિખવાદ થયો હોય, મતભેદ થવાને કારણે મનભેદ થયો હોય ત્યારે સમાજની વચ્ચે રહીને પણ માણસને એકલવાયાપણું લાગે છે.

આ ઉત્સવ નિમિત્તે સ્નેહીઓને ત્યાં જવાનું, તલનો લાડુ આપવાનો, જૂનો મતભેદ કાઢી નાખવાનો, વિખવાદ દૂર કરી સ્નેહની પુનઃ પ્રતિષ્ઠા કરવાની. મહારાષ્ટ્રમાં તો આ ઉત્સવ અતિ પ્રચલિત છે. તેઓ એકબીજાને તલગોળ આપે છે અને આપતી વખતે કહે છે કે 'तिळगुळ ध्या आणि गोड गोड बोला.' આપણે ત્યાં આજે પણ બ્રાહ્મણને ત્યાં લાડુ આપવાની પ્રથા છે. તેની પાછળ અનોખો ભાવ છુપાયેલો છે. જૂના કાળમાં સામાન્ય રીતે બ્રાહ્મણવર્ગનું કાર્ય અધ્યયન અને અધ્યાપનનું રહેતું. સમાજના જીવનમાં સાંસ્કૃતિક મૂલ્યો વણાઈ રહે તે માટે તે ધર્મની તેમ જ સંસ્કૃતિની કરોડરજ્જુ બની રહેતો. માનવ જ્યારે સ્વચ્છંદી બને, ધર્મ અને સંસ્કૃતિને નેવે મૂકે, અવળે રસ્તે ચડી જાય ત્યારે બે શબ્દો કહી, હાથ પકડી તેને સાચે રાહે લઈ આવવાની જવાબદારી બ્રાહ્મણની રહેતી. ટૂંકમાં તેને બે કડવાં વેણ કહેવાં પણ પડતાં અને બ્રાહ્મણ કડવો થતો, તેને કડવા થવું પડતું. તેના કડવા થવાથી સંભવતઃ આપણે તેના પ્રત્યેનો આદર ગુમાવી પણ બેસીએ.

આપણા અને તેના સંબંધો ઉષ્માહીન પણ બની જાય. એ સંબંધો તૂટે નહિ તે માટે સામે ચાલીને બ્રાહ્મણને ત્યાં જઈ તલના લાડુ દ્વારા આપણા મનની સ્નિગ્ધતા અને હૃદયની મીઠાશ આપવાની, જૂનો સ્નેહ પાછો પુનર્જીવિત કરવાનો અને આપણા કલ્યાણ માટે આપણા જીવનમાં તેનું ગૌરવભર્યું સ્થાન ટકાવી રાખવાનું.

**તલના લાડુમાં પૈસો મૂકીને આપવાની પ્રથા ગુપ્ત દાનનો મહિમા સમજાવે છે.** સાંસ્કૃતિક કાર્ય કરનાર તેજસ્વી બ્રાહ્મણની જીવનવ્યવસ્થા સમાજે ગુપ્ત રીતે ચલાવવી જોઈએ. તલના લાડુમાં રહેલું ઘી પુષ્ટિપ્રદ છે. સાંસ્કૃતિક કાર્યનો ક્રાંતિવીર પુષ્ટ મનબુદ્ધિનો હોવો જોઈએ. પ્રભુકાર્યનું વ્રત એ અસિધારા વ્રત જેવું કઠિન વ્રત છે. તેમાં નબળા કે પોચા મનના તથા અસ્થિર બુદ્ધિના માણસોનું કામ નહિ. આજે આપણે તલના લાડુ પાછળના આ ભાવને ભૂલીને ફક્ત છોતરાની પૂજા કરીએ છીએ. આ ઉત્સવમાં તલના લાડુને મહત્ત્વ મળ્યું તેનું નૈસર્ગિક કારણ પણ છે. **કુદરત ઋતુ પ્રમાણે ફળ અને વનસ્પતિ આપે છે.** જે ઋતુમાં જે પ્રકારના રોગો થવાની સંભાવના હોય છે તે ઋતુમાં તે મુજબ ઔષધિ, વનસ્પતિ, ફળો વગેરે કુદરત નિર્માણ કરે છે. શિયાળાની સખત ઠંડીમાં શરીરનું અંગેઅંગ જકડાઈ ગયું હોય, લોહીનું ભ્રમણ મંદ થવાની સંભાવના રહે, રક્તવાહિનીઓ ઠંડીની અસર નીચે આવે અને શરીર રૂક્ષ થાય ત્યારે તેને સ્નિગ્ધતાની જરૂર રહે છે અને તલમાં આ સ્નિગ્ધતાનો ગુણ છે. આયુર્વેદની દૃષ્ટિએ તલ આ ઋતુમાં આદર્શ ખોરાક પૂરો પાડે છે. ખેતરમાંથી તાજો જ તલનો પાક ઘરે આવ્યો હોય ત્યારે રૂક્ષ થતા શરીર માટે આનાથી વધુ બીજી યોગ્ય ઔષધિ કઈ હોય ?

આ દિવસે પતંગ ચગાવવાની પ્રથા શરૂ થઈ તેની પાછળ પણ વિશિષ્ટ અર્થ રહેલો છે. સામાન્ય રીતે જોતાં પતંગ ચગાવવા માટે ખુલ્લા મેદાનમાં, કોઈ મકાનની છત પર કે અગાશીમાં જવું પડે અને ઠંડીના દિવસોમાં આ રીતે સહજ સૂર્યસ્નાન સાંપડી રહે. તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં આપણા જીવનનો પતંગ પણ આ વિશ્વની પાછળ રહેલી અદૃષ્ટ શક્તિ કોઈ અજ્ઞાત અગાશીમાં ઊભી રહીને ચગાવે છે. સંક્રાંતિના દિવસે જેમ આકાશમાં લાલ, પીળા, લીલા વગેરે રંગના પતંગો ઊડતા દેખાય છે તેમ આ વિશ્વના વિશાળ આકાશમાં સત્તાધીશો, શ્રીમંતો, વિદ્વાનો વગેરે અનેક પ્રકારના પતંગો ઊડતા હોય છે. પતંગની હસ્તી અને મસ્તી ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી એનો દોર સૂત્રધારના હાથમાં હોય છે. સૂત્રધારના હાથમાંથી છૂટેલો પતંગ વૃક્ષની ડાળી પર, વીજળીના તાર પર કે સંડાસની ટાંકી પર ફાટેલી અને વિકૃત દશામાં પડેલો જોવા મળે છે. ભગવાનના હાથમાંથી છૂટેલો માનવ પતંગ થોડા જ દિવસોમાં રંગ ઊતરી ગયેલો, ફિક્કો અને અસ્વસ્થ થયેલો જોવા મળે છે. તેથી જ સંક્રાંતિને દિવસે પ્રભુ પાસે પ્રાર્થના કરવાની કે 'પ્રભુ ! મારો જીવન પતંગ ઝોલે ન ચડે, તે માટે મેં તારા હાથમાં તેનો દોર આપ્યો છે.'

સંક્ષેપમાં આ પર્વ નિમિત્તે સૂર્યનો પ્રકાશ, તલગોળની મીઠાશ અને પતંગનો તેના સૂત્રધાર ઉપરનો વિશ્વાસ આપણા જીવનમાં સાકારિત થાય તો જ એ આપણા જીવનનું યોગ્ય સંક્રમણ ગણાય.

'સંસ્કૃતિ પૂજન', એકવીસમી આ., પૃ.૩૯ ❏

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. રામભાઈ પી. પટેલ : દીકરી ચેતનાના જીવનસાથી શ્રી કિરણકુમારના ૬૦મા જન્મદિન નિમિત્તે રૂ. ૧૧,૦૦૦/- અને ભાણેજ એલન કિરણકુમાર પટેલ વકીલાતની પરીક્ષામાં ઉત્તિર્ણ થતાં સારી કંપનીમાં સર્વિસ મળ્યા નિમિત્તે રૂ. ૧૧,૦૦૦/- જ્ઞાનદાન | પલાણા/અમેરિકા | ૨૨,૦૦૦/- |
| ૨. ધ્રુલતા ધીરેનભાઈ પાઠક | સુરત | ૧૦,૫૦૦/- |
| ૩. એક સ્વજન | અમેરિકા | ૧૦,૦૦૧/- |
| ૪. નીમાબહેન એમ. અમીન : પૌત્ર ચિ. રીવાનના જન્મદિન (૧૫-૧૨) નિમિત્તે | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૫. વસુબહેન દિનેશભાઈ | સુરત | ૨,૦૦૦/- |
| ૬. સરોજબહેન રમેશચંદ્ર ચપટવાલા | સુરત | ૧,૦૦૧/- |
| ૭. બળવંતભાઈ દેસાઈ | રાજકોટ | ૧,૦૦૧/- |
| ૮. ભાસ્કરભાઈ સી. ભટ્ટ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. નિરંજનભાઈ સી. ભટ્ટ : સદ્‌ગત પિતાશ્રી ચંદ્રકાંત મણિભાઈ ભટ્ટની પુણ્યતિથિ નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. જગદીશભાઈ પ્રભુદાસ ધરીયા | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. બૉસ્કી મેહુલ જરીવાલા : દીકરી હેઝલના જન્મદિન નિમિત્તે | સુરત | ૫૫૧/- |
| ૧૨. અરવિંદ કે. ભાનુશાળી | મુંબઈ | ૫૦૧/- |
| ૧૩. સદ્‌ગત કુસુમબહેન અમૃતભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ફાલ્ગુનીબહેન | સુરત | ૫૦૧/- |
| ૧૪. જયશ્રી જ્યોતિન્દ્ર મહેતા : લંડનસ્થિત પુત્રવધૂ ખ્યાતિના જન્મદિન (૧-૧) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૫. રમીલાબહેનના જન્મદિન (૩-૧) નિમિત્તે હસ્તે મહેન્દ્રભાઈ ગટુભાઈ ગાંધી | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૬. પંકજ એન. જાની | મુંબઈ | ૫૦૦/- |
| ૧૭. સદ્‌ગત પિતાશ્રી ધીરજભાઈ ઠાકોરભાઈ હલવાવાળાના દેહાંત (તા. ૧૮-૧૨-૨૦૧૯) નિમિત્તે હસ્તે મનીષભાઈ | સુરત | ૫૦૦/- |
| ૧૮. ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૯. મનહરભાઈ પ્રભુભાઈ પટેલ | લવાછા | ૨૫૧/- |
| ૨૦. હર્ષદભાઈ મગસવાલા | ડાકોર | ૨૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **- સંપાદક**

## ગયેલા આત્માને...

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને હરિઃૐ આશ્રમ, સુરતના વહીવટમાં સક્રિય સેવાઓ આપનાર સદ્‌ગત શ્રી નિરંજનભાઈ રતિલાલ રંગૂનવાલાનાં ધર્મપત્ની શ્રીમતી હંસાબહેનનો તા. ૩-૧૨-૨૦૧૯ના રોજ ૭૯ વર્ષની વયે દેહાંત થયો છે. ઉલ્લેખનીય છે કે શ્રી રતિલાલ રંગૂનવાલાએ પૂજ્ય શ્રીમોટાનો સુરત ખાતે સૌ પ્રથમ ઉત્સવ-સ્વજનોનો મિલન સમારંભ ૧૯૬૩માં અને ત્યારબાદ સને ૨૦૦૦માં સુરત ખાતે યોજ્યો હતો. શ્રીહરિ સદ્‌ગતનું યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે. -સંપાદક**



(અનુષ્ટુપ)

કરેલાં કર્મની છાયા દુઃખને જાણવું ઘટે,
બીજાને દોષ દેવાનો છોડી દેવો ઘટે ખરે.

- - - - - - - - - -

અંતરના વિષાદોથી ઘવાયો નથી જે ઉરે,
ચેતનાશક્તિ એવાને કો કાળે ના મળી શકે.

- - - - - - - - - -

દુઃખ દ્વાર જરૂરી છે પ્રભુમહેલ પ્રવેશવા,
દુઃખથી જ થયા સંતો, મહાત્મા પૃથ્વીની પરે.

- - - - - - - - - -

કોઈને સુખી જોઈને સુખી એને ન માનવું,
એનાય જીવને દુઃખ હશે કો પ્રકારનું.

- - - - - - - - - -

ફાવી જતા જ દેખાય પ્રપંચી જગમાં ભલે,
ચિત્તની શાંતિ કૈં પૂરી ભોગવી શકશે ન તે.

\- શ્રીમોટા

'જીવન પગલે', બી. આ., પૃ. ૪૮,૫૬,૬૧,૮૧

**HARIBHAV, DECEMBER - 2020**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



જે પ્રાર્થનામાં દર્દ નથી, તેવી પ્રાર્થનામાં ભાવનો ઉઠાવ કદી જન્મી શકતો જ નથી. દર્દથી ભાવ પ્રગટે છે. દર્દ વિના આર્તતા અને આર્દ્રતા કેમ કરીને પ્રગટી શકે ? પ્રાર્થના જેવું સરળ અને સહજ બીજું કોઈ સાધન નથી.

- શ્રીમોટા

*'આર્તપોકાર', બી. આ., લેખકના બે બોલમાંથી*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com